CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૪૬
તા.૦૧-૦૭-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૧ | વડોદરા | ૩૪.૮ |
| અમદાવાદ | ૩૭.૬ | સુરત | ૩૧.૮ |
| ગાંધીનગર | ૩૫.૬ | નલિયા | ૩૬ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# જીએસટીના ૧ વર્ષ બાદ પણ વેપારીઓની મુશ્કેલીઓ યથાવત

## વિચાર વૈભવ...

### મહાન દર્શનોના મૂળમાં

આજકાલના તરૂણ-તરૂણીઓ શરૂઆતમાં પરસ્પર શારીરિક જરૂરિયાતને 'પ્રેમ' સમજી કઠોડે ચડી જાય છે એમ, 'એક દૂજે કે લિયે' ની ગેરસમજમાં ડૂબી જાય છે. આંખો મીંચી ભાગીને લગ્ન પર કરી લે, પછી, સ્વભાવ- ટેવો-સંસ્કારનું ઘર્ષણ શરૂ થાય છે. પ્રેમનું અફીણ ઊતરી જાય, આવરણ ઊતરી જાય. અનૂકૂલન, સમજના અભાવે લગ્ન- ઘર ભાંગે છે.

એક યુવાન 'લગ્ન કરવાં કે નહીં' એની સલાહ લેવા માટે સોક્રેટિસ પાસે આવ્યો. પત્ની 'ઝેન્થીપી' બપોરની નિદ્રા માણી રહી હતી. સોક્રેટિસે પત્નીને ચા બનાવી આપી જવા 'આજ્ઞા' આપી. ઝેન્થીપી કદી આજ્ઞા સાંભળવા ટેવાયેલી જ નહીં. ચાની કીટલી જેટલી જ ગરમ ઝેન્થીપી ચા તો લાવી પણ સોક્રેટિસ ઉપર ઝીંકી. ચા-કીટલી ગરમ હતાં, સોક્રેટિસ દાઝ્યા.

થોડી ચા બચી હતી તેમાંથી અર્ધો- અર્ધો કપ પેલા યુવાન સાથે સોર્કેટિસે પીધી અને કહ્યું, 'ચાલો, હવે આપણે મુદ્દાની વાત કરીએ!' યુવાન કહે, 'મને અર્ધો જવાબ તો મળી જ ગયો છે છતાં આપ કહો, આવી પત્ની સાથે તમે સુખી છો?'

સોક્રેટિસ કહે, 'ભાઈ, આજે હું જે કંઈ છું તે મારી પત્નીને કારણે જ છું. મારો વાદવિવાદનો વ્યવસાય છે અને સફળતાનો તમામ યશ હું તેણીને જ આપું છું. ઘોડાને તાલીમ આપનાર સૌથી વધારે તોફાની ઘોડાને રાખે છે, જેથી બીજા ઘોડાને તાલીમ આપવાનું સરળ થઈ જાય. આવી વાદીલી પત્નીને કારણે મારાં ઘણાં કૌશલ્યો ખીલ્યાં છે...'

- સુરેશ પ્રા.ભટ્ટ

## સરકારને ૧૦ લાખ કરોડની કમાણી છતાં રિફન્ડમાં ઠાગાઠૈયા : જીએસટીમાં હજુ સુધારા જારી

ન્યુ દિલ્હી

સરકારે 'એક રાષ્ટ્ર, એક કર'ની વાત સાથે તા. ૧-૭-૨૦૧૭ના રોજથી દેશભરમાં GSTનો અમલ શરૂ કર્યો હતો. એક વર્ષ બાદ હવે વેપારીઓ માટેGST'એક કર, અનેક પરેશાની' બની રહી છે. દેશભરના વેપારીઓ અને એકસપોર્ટર્સના ૧૦ લાખ કરોડ સરકારી તિજોરીમાં આવી ગયા છે છતાં સરકાર રિફંડ આપવામાં ઠાગાઠૈયા કરી રહી છે. માત્ર ગુજરાતમાં જ રૂ. ૨૦ હજાર કરોડનું રિફંડ બાકી છે. વેપારી અને ઉદ્યોગપતિઓની પાસેથી જાણે કે રોકડ જ ચાલી ગઈ હોય તેવી સ્થિતિ થતાં તેની આડઅસર વેપાર ધંધા ઉપર પડી રહી છે. વેપારીઓને દર મહિને GSTના જુદા જુદા રિટર્ન ભરવા માટે કલાકો સુધી કમ્પ્યૂટર સામે બેસી રહેવું પડે છે છતાં રિટર્ન ફાઈલ થઈ શકતું નથી. GST્ના અમલના એક વર્ષમાં ૩૦૦થી વધુ સુધારા-વધારા અને કર માળખામાં ફેરફાર કરવામાં આવ્યા છે. GSTનો કાયદો હજુ અધિકારીઓ જ પુરી રીતે સમજી શકયા નથી તો વેપારીઓની વાત જ શું કરવી. GSTમાં વેપારીઓ પોતાની ઓફિસમાં જ રિટર્ન ફાઈલ કરી શકે તેવી સુવિધા ઉભી કરવા પ્રયાસ થયા હોવાની વાતો થઈ રહી છે પરંતુ વાતો અને વાસ્તવિકતા જુદી જ છે. ખુદ નાણાં મંત્રી સહિતના નેતાઓ રિફંડ માટે કલેઈમ કરવાના સાત દિવસમાં રિફંડ મળી જશે તેવી વાતો કરે છે પરંતુ વાસ્તવિકતામાં સાત મહિને પણ રિફંડ મળ્યા નથી. દેશભરના વેપારીઓની રજૂઆત છે કે જો આવી જ સ્થિતિ રહી તો ચોક્કસ દેશ આર્થિક રીતે પાછળ પડી જશે. એક વર્ષમાં GSTમાં ઘણી સ્થિરતા આવી ગઈ છે. જીએસટીએ દેશમાં આઝાદી પછીનું સૌથી મોટું ઈકોનોમિક રિફોર્મ છે. વેપારીઓના જે સૂચનો અને સમસ્યાઓ છે તેમાં સુધારો કરવા માટે સતત પ્રયાસ થઈ રહ્યો છે. અધિકારી વેપારીઓની રૂબરૂ મળીને તેમની તકલીફો સમજી રહ્યા છીએ.

### મિશન ૨૦૧૯ હેઠળ અમિત શાહ ૪-૫ જુલાઈએ યુપીમાં

## અમિત શાહ યુપીમાં દરેક બેઠકની માહિતી મેળવવા માટે પૂર્ણ તૈયાર

### લોકસભા ચૂંટણી તૈયારીની સમીક્ષા કરશે : હોદ્દેદારો અને વિસ્તારકોની સાથે વાતચીત કરશે : ત્રણ દોરમાં બેઠકો : મોદી-યોગીના કામને રજુ કરવા તૈયારી

લખનૌ

ઉત્તરપ્રદેશમાં જોરદાર સપાટો બોલાવવાના હેતુસર ભાજપે તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મિશન ૨૦૧૯ને ધ્યાનમાં લઈને તૈયારીઓ કરવામાં આવી છે. મોદી દ્વારા ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકવામાં આવ્યા બાદ હવે ભાજપ પ્રમુખ અમિત શાહ ઉત્તરપ્રદેશની દરેક લોકસભા સીટની તમામ માહિતી એકત્રિત કરશે. ઉત્તરપ્રદેશમાં પહોંચીને હાલની સ્થિતિ અંગે માહિતી મેળવશે. મોદીએ ગુરૂવારના દિવસે મગહરમાં જનસભા મારફતે વિપક્ષ પર પ્રહાર કર્યા બાદ ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકી ચુક્યા છે. મોદી મોદી સેના આ લડાઈને જમીન ઉપર જોરદાર લડી શકે તે માટે તેની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ચોથી અને પાંચમી જુલાઈના દિવસે ઉત્તરપ્રદેશમાં ઉપસ્થિત રહેશે. ચોથી જુલાઈના દિવસે મિરઝાપુરમાં અને પાંચમી જુલાઈના દિવસે આગ્રામાં બેઠક યોજીને અમિત શાહ ઉત્તરપ્રદેશની દરેક લોકસભા બેઠક અંગે માહિતી મેળવશે. માહિતી મુજબ અમિત શાહ ચોથી જુલાઈના દિવસે વારાણસી પહોંચશે. ત્યાંથી સીધી રીતે મિરઝાપુર નીકળે જશે. જ્યાં ભાજપના કાશી, ગૌરક્ષક અને અવધ ક્ષેત્રના હોદ્દેદારો સાથે વાતચીત કરશે. સાથે સાથે લોકસભા અને વિધાનસભા સ્તર પર વિસ્તારકોની સાથે બેઠક યોજશે. પાંચમી જુલાઈના દિવસે આગ્રામાં પણ આજ કવાયત હાથ ધરવામાં આવશે. અહીં વ્રજ, પશ્ચિમ અને કાનપુર ક્ષેત્રના હોદ્દેદારો તથા વિસ્તારકો સાથે મંથન કરશે. સૂચિત કાર્યક્રમ હેઠળ શાહ બંને જગ્યાઓ ઉપર ત્રણ તબક્કામાં બેઠક કરશે. અહીં તેઓ વિધાનસભા અને લોકસભા વિસ્તારકો જે એક વર્ષથી ક્ષેત્રોમાં છે તેમની સાથે સંવાદ કરીને વાસ્તવિક જાણવાના પ્રયાસ કરશે. સાંસદો અને ધારાસભ્યો બંનેના પ્રદર્શનના આંકડા પણ મેળવશે.

## દાંતા પંથકમાં ચાર ઈંચ અને પાલનપુરમાં સવા બે ઈંચ વરસાદ



ભરત સુંદેશા


નરસિંહ દેસાઈ

### હજુએ અનેક સ્થળો પર વરસાદનો અભાવ: ખેડુતો વાવણીમાં પુરાયા

પાલનપુર

બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે મેઘરાજાએ શુક્રવારે બનાસકાંઠાના વિવિધ વિસ્તારોમાં અડધાથી ચાર ઈંચ જેટલું પાણી વરસાવી વિરામ લઈ લેતા જગતના તાત સહિત અઢારે આલમ નિરાશ થઈ છે.શુક્રવારે દિવસે તેમજ રાત્રી દરમ્યાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજળીના કડાકા અને વાદળોની ગર્જના સાથે મેઘરાજાની શાહી સવારીનું આગમન થતા લોકો હરખાઈ ઊઠ્યા હતા. જોકે આજે શનિવારે ડીસા સહિત મોટા ભાગના વિસ્તારોમાં ઉઘાડ નીકળી જતા લોકો નિરાશ થયા છે.ગત શુક્રવારે સવારે દાંતા વિસ્તારમાં ભારે વરસાદ પડ્યા બાદ બપોરે ભાભર સહિતના અન્ય વિસ્તારોમાં પણ ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો અને રાત્રીના નવ વાગ્યા બાદ ડીસા શહેરમાં પણ

અનુસંધાન પાના નં.૬

### ડીસા તાલુકામાં દોઢ ઈંચ વરસાદથી ખેડુતો ખુશખુશાલ

અપરએર સાયક્લોનીક સરક્યુલેશનની અસરથી બનાસકાંઠા જિલ્લામાં ૨૮ અને ૨૯ જુનના ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે ડીસા તાલુકામાં પણ છુટાછવાયા વરસાદના ભારે ઝાપટાંઓ પડ્યા હતા. ત્યારે શુક્રવારના રાત્રી દરમિયાન ડીસા પંથકમાં વરસાદનું આગમન થયું હતું. જેને લઈ આમ પ્રજાજનો સહિત જગતનો તાત પણ રાજીનો રેડ થઈ જવા પામ્યો હતો. ચોમાસુ વાવણીનો મહત્વપૂર્ણ સમય જઈ રહ્યો છે. ત્યારે વરસાદ ખેંચાતા ધરતીપુત્રોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું.૫ ણદસ દિવસ જેટલો વરસાદ ખેંચાયા બાદ વરસાદનું આગમન થતા

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરના હરસિદ્ધ નગરમાં દબાણ તોડવા મામલે હોબાળો

પાલનપુર

પાલનપુરની લોકમાતા લડબી નદીના દબાણો દૂર કરવા લોકોએ લડબી બચાવો અભિયાન હાથ ધર્યું હતું. જેને પગલે આળસ ખંખેરતા તંત્ર દ્વારા રી-સર્વે કરી દબાણો દૂર કરવા મજબૂર બનવું પડ્યું છે. જોકે, મોટા બિલ્ડરોને છાવરનાર તંત્ર આજે હરસિદ્ધ નગરમાં દબાણ દૂર કરાવવા જતા થયેલા હોબાળાને પગલે મામલતદાર સહિતની ટિમને વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું. પાલનપુરના એંગોલા રોડ પર આવેલા હરસિદ્ધ નગરમાં વહેણ ને અવરોધ રૂપ દબાણો તોડવા પાલનપુર મામલતદાર સહિતની ટિમ ગઈ હતી. ત્યારે મોટા દબાણો તોડવાને બદલે નાના રહેણાંકના દબાણો દૂર કરવા આવેલી ટીમને સ્થાનિક રહીશોના રોષનો ભોગ બનવું પડ્યું હતું. દબાણ દૂર કરવા આવેલી ટીમને પોલીસની હાજરીમાં રહીશોએ આડે હાથ લઈ તંત્રને ધોકાથી ફટકારવાની વાત કરતા ચકચાર મચી ગઈ હતી. આ દબાણ તૂટે તો ૩ મકાન ધરાશાયી થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે પાલિકાએ અગાઉ બાંધકામની મંજૂરી આપતા


સજય જોષી

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### લોકસભા ચૂંટણીમાં ત્રીજા મોરચાની રચના અયોગ્ય

મુંબઈ

આગામી વર્ષે યોજાનાર લોકસભા ચૂંટણીથી પહેલા ભાજપ અને કોંગ્રેસથી અલગ ત્રીજા મોરચાની રચના કરવાના પ્રયાસને મોટો ફટકો પડ્યો છે. કારણ કે એનસીપીના નેતા અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન શરદ પવારે કહ્યુ છે કે ત્રીજા મોરચાની રચના બિલકુલ અયોગ્ય રહેશે. તેમણે કહ્યુ છે કે મહાગઠબંધનના પ્રયાસો પણ યોગ્ય સાબિત થશે નહી. પવારનુ નિવેદન એવા સમય પર આવ્યુ છે જ્યારે પૂર્વ વડાપ્રધાન અને જેડીએસના નેતા એચડી દેવગૌડા દ્વારા વહેલી તકે ત્રીજા મોરચાની રચનાની માંગ કરવામાં આવી છે. ખાસ વાતચીતમાં શરદ પવારે કહ્યુ છે કે ત્રીજા મોરચાના રૂપમાં જુદા જુદા રાજકીય પક્ષો સાથે મહાગઠબંધનની રચના અયોગ્ય છે. જો કે તેમણે કહ્યુ હતુ કે તેમના કેટલાક સાથી પણ ઈચ્છે છે કે મહાગઠબંધનની રચના કરવામાં આવે તે જરૂરી છે. વાતચીત દરમિયાન શરદ પવારે કહ્યુ હતુ કે વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને જાહેરાત કરવી યોગ્ય નથી.

## રાજસ્થાનના શિરોહી નજીક બે અલગ અલગ અકસ્માતોમાં ૧૧ લોકોનાં મોત





અંબાજી

શુક્રવાર સિરોહી જિલ્લા માટે ગોજારો બન્યો હતો આજે સવારે ૧૧ વાગે આસપાસ સિરોહી - શિવગંજ રોડ પર પોસાલીયા ગામ પાસે જીવલેણ અકસ્માત થયો હતો જેમા એક જ પરીવારના ૭ લોકો ના કમકમાટી મોત થતા ગમગીની છવાઈ ગઈ હતી ,મૃતકોમા ૨ માસુમ બાળકો, ૨ પુરુષો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે આ તમામ લોકો જોધપુર પાસે ના આસોપ ગામથી ભરૂચ તરફ જતા હતા ત્યારે પોસાલીયા ગામ પાસે ચાલકે કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે અથડાઈ રોંગ સાઈડ મા આવી ગઈ હતી અને ત્યા સામે થી આવતા ટ્રક સાથે ધડાકા સાથે અથડાતા કાર નો કચ્ચર ઘાણ નીકળી ગયો હતો અને ચીચીઆરીથી માહોલ શોક મય બની ગયો હતો કાર મા બેસેલા ૫ લોકો ના ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતા જયારે ૨ લોકો ના શીવગંજ હોસ્પિટલ માં દમ તોડ્યો હતો અન્ય કાર મા બેસેલા ૧૨ વર્ષ ના બાળક અને એક મહિલા નુ સારવાર ચાલી રહ્યુ છે કાર અકસ્માત બાદ કાર મા બેસેલા લોકો ના મૃતદેહ કાર માથી બહાર આવી ગયા હતા અને રોડ પર જઈ પડયા હતા.

મૃતકો મા પ્રવીણભાઈ, શેરોન ૫ વર્ષ,કૈલાશ ભાઈ, રેખાબેન, સુમિત્રાબેન,સાનવી ખુશ્બુ બેન જયારે ડિમ્પલ બેન અને ૧૨ વર્ષીય ચિરાગ ને સારવાર માટે સિરોહી ખસેડવામાં આવ્યા હતા આ અકસ્માત બાદ સિરોહી કલેક્ટર બાબુલાલ મીણા એસપી ઓમપ્રકાશ, ડીટીઓ મનીષ શર્મા સહીત નો કાફલો અકસ્માત સ્થળે પહોંચી કાર માથી મળેલા દસ્તાવેજો ને આધારે મૃતકો ના પરિજનો ને જાણકારી આપી હતી અને ૭ મૃતકો ની લાશ ને પીએમ

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરનો વેપારી ખોટા રેકર્ડ થકી ચંડીસરમાં ખેડૂત બન્યો હોવાની રાવ

### જમીનના વારસદારે નામ દાખલ કરાવવા માટે અપીલ કરતાં કરતુત બહાર આવ્યુ

પાલનપુર

પાલનપુર ખાતે રહેતા અને મુળ ભાભરના વતની એક વેપારીએ વર્ષો અગાઉ પાલનપુર તાલુકાના ચંડીસર ગામે ભાગથી સાડા નવ વીઘા જમીન વાવવા માટે રાખી હતી. જેમાં ખોટા રેકર્ડ ઉભા કરી આ વેપારી ખેડૂત બની ગયો હતો. દરમિયાન જમીનના મુળ માલિકના મૃત્યુ બાદ તેમના વારસદારે નામ નોંધાવવા માટે અપીલ કરતાં આ વેપારીનું કારસ્તાન સામે આવ્યું છે. વેપારી ખેડૂત ન હોવા છતાં જમીન ઉપરનો કબ્જો ખાલી ન કરતાં વિવાદ સર્જાવા પામ્યો છે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ખેડૂત બનેલા શખ્સ સામે જિલ્લા કલેકટર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જે બાદ પાલનપુર ખાતે રહેતા અને મુળ ભાભરના વેપારી પણ ખોટી રીતે ખેડૂત બની બેઠો હોવાનો ચોંકાવનારો

અનુસંધાન પાના નં.૬

### વેપારી કેવી રીતે ખેડૂત બન્યો

વસંતલાલ ઠક્કર ખેડૂત નથી. તેઓ ભાભર નવા ગામની ખાતા નં. ૮૦ થી ચાલતા સ. નં. ૧૫૭ પૈકી ૧, ૧૭૦/૧ પૈકી ૧ ની જમીનના રેવન્યુ રેકર્ડ ખોટી રીતે દાખલ થઈ ખેડૂત બન્યા છે. તા.૨૦-૦૪-૭૫ની નોંધ પ્રમાણે ભુદર દયાળજી ઠક્કર પાંચ વર્ષ અગાઉ ગુજરી જતાં તેમના કુલ સાત વારસોના નામ દાખલ થયેલા હતા. તેમાં વસંતલાલ નાનાલાલ ઠક્કરની માતાનું નામ વારસદાર તરીકે દાખલ થયેલ ન હતુ. છતાં નવા ભાભરની હક્કપત્રકની નોંધ નં. ૧૨૯૮ ૨૩-૦૧-૯૬ થી નોંધ નં. ૭૯૫થી વારસાઈ ભુદર દયાળજી ઠક્કરની થઈ તેના પેહલા એટલે કે ૩૬ વર્ષ પહેલા વસંતલાલ ઠક્કરના માતા ગોદાવરીબેન ગુજરી ગયેલા તેની તદ્દન ખોટી હકીકત ઉભી કરી ખોટી રીતે વારસાઈ કરાવી રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા હતા.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦




CMYK

સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૨૯

## તિથિદર્શન
જેઠ વદ-૩ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :ત્રીજ રવિવાર નક્ષત્રઃ શ્રવણ રાત્રે ૯.૩૦ પછી ઘનિષ્ઠા યોગ :વિષ્કુંભ કરણ : બવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**યસ્મિ ન દેશે યદાકાલે**
**યન્મુહૂર્તે ચ યદ્ દિને**
**હાનિઃ લાભઃ યશો મૃત્યુઃ**
**તાન તથૈવ ન ચાન્યથા**

'જે સ્થળે, જે કાળે, જે મુહૂર્તમાં અને જે દિવસે હાનિ- લાભ- યશ -કીર્તિ અને મૃત્યુ જે નિશ્ચિત જ હોય છે, ત્યારે જ તેને આવીને જ મળે છે, અન્યથા નહીં.' ઈશ્વરીય વ્યવસ્થા- ગોઠવણ બધી જ કોમ્પ્યુટરાઈઝ્ડ છે. નિશ્ચિત સમયે- સ્થળે જે -તે ઘટના , જેવી રીતે બનવાની હોય તે બને જ છે. વિધિ- વિધવા- કર્મદેવ કે ભાગ્ય દેવતા જે કહો તે- પણ માણસ જન્મના તમામ લેખ લખાવીને જ આવે છે. કર્માનુસાર સુખ અને દુઃખ, આરામ અને પીડા, જે તે સ્થળે- કાળે ભોગવવાનાં હોય તે ભોગવવાં જ પડે છે. બાલકાંડમાં પોતાની મા મેનાવતીને જગદંબા પાર્વતીજી પણ કર્મને પ્રધાનપદ આપીને કહે છે, માતાજી તમે મારા પતિના સ્વરૂપ- સ્વભાવ જોઈને દુઃખી ન થશો, મારા નસીબમાં જે પતિ હશે, અથવા જયાં પણ હું પરણીને જઈશ તે મારા ભાગ્યમાં જે સુખ- દુઃખ લખ્યું હશે તે મારે ગમે ત્યાં ભોગવવું જ પડશે. માતાપિતા, સુખી - ધનિક ઘર જોઈ દીકરીને પરણાવે પણ પતિની આદતો- સ્વભાવ પ્રમાણે જ વર્તન કરતો હોય તો સ્ત્રીના ભાગ્યમાં જો દુઃખ જ લખાયું હોય તો ધનિક ઘરમાં પણ દુઃખી જ રહે છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.**
**સિંહ : (મ.ટ.) સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃદ્ધિ થાય.**
**તુલા : (ર.ત.) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.**
**મકર : (ખ.જ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ગાંધીજીના અંગત ડોકટર, દેશબંધુ ચિત્તરંજનદાસના શાગિર્દ ડો. વિધાનચંદ્ર રાયનો જન્મદિન અને પુણ્યતિથી પણ છે. એમનો જન્મ તા. ૧-૭-૧૮૮૨ના રોજ પટણામાં થયો હતો.

૧૯૧૬ માં કોર્પોરેશનમાં સુદીર્ઘકાળ સુધી મેયર, ૧૯૩૪ માં બંગાળ પ્રાંતિય કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને છેલ્લે કલકત્તાના વાઈસ ચાન્સેલર થયા બાદ ભારતને આઝાદી મળતા તેઓ પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન બન્યા.

આ સેવાભાવી મહામાનવનું તા. ૧-૭-૧૯૬૨ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરાદ પ્રા.શાળા નં-૨( અનુપમ શાળા) ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરની મધ્યમાં આવેલ થરાદ પ્રા.શાળા નં-૨(વિ.મ. પરીખ પ્રા.શાળા) ખાતે તા. ૨૨/૦૬/૨૦૧૮ ને શુક્રવારના રોજ થરાદના પ્રાંત અધિકારી એ.કે.કલસરીયાના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયેલ. આ પ્રસંગે થરાદના ચીફઓફિસર, નગરપાલિકાના સદસ્યો વગેરેની હાજરીમાં થરાદ તાલુકા શાળા અને આનંદનગર પ્રાથમિક શાળાના બાળકોને કુમકુમ તિલક કરી ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવ્યો.

આ પ્રસંગે તા.પ્રા.શિ. આર.વી. બોચિયા, સી.આર.સી. કો.ઓર્ડિનેટરો તેમજ એસ.એમ.સી. કમિટીના સભ્યો અને વાલીગણ તેમજ આજુબાજુની પ્રાથમિક શાળાના સ્ટાફગણે હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન થરાદ પે.કેન્દ્ર શાળા તરફથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકમિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતે શાળાના મુખ્ય શિક્ષક ડી.એસ.રાજપુતએ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાઘપુરા પ્રાથમિક શાળામાં વિદ્યારંભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

માલગઢ સંસ્કાર કેન્દ્ર દ્વારા ભારતીય સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતાં વિવીધ કાર્યક્રમો થાય છે. માલગઢ ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા ડીસા તાલુકાની વિવિધ શાળામાં જઈ ધોરણ-૧ માં નવિન પ્રવેશ કરતાં બાળકોને આપણી શાસ્ત્રોકાંત વિધિ સાથે વિદ્યાનો આરંભ કરાવતા હોય છે. ત્યારે ગતરોજ ડીસા તાલુકાની વાઘપુરા (લોરવાડા) પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં ૧૨ કુમાર અને કન્યા મળી કુલ ૨૧ બાળકોને ભારતીય સંસ્કૃતિના રીતરીવાજ મુજબ સંપુર્ણ શાસ્ત્રોકાંત વિધિ સાથે પ્રવેશ અપાયો હતો. બાળકોનું પુજન તેમના ગુરુનું પુજન અને પાટી સાથે પેનનું પુજન કરાવ્યું હતું અને પાટીમાં ઓમનો મંત્રોચ્ચારના દોરાવી તેનું ચોખા અને ફુલથી વધાવવામાં આવ્યુ હતુ. ત્યારબાદ બાળકોએ આરતી કરી હતી અને મોં મીઠું કરતા પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

માલગઢ ગાયત્રી પરિવારના લક્ષ્મણસિંહ સોલંકી અને સુખદેવભાઈ માળીએ વાઘપુરા પ્રાથમિક શાળામાં વિદ્યારંભ સંસ્કારનો કાર્યક્રમ ખુબ જ સુંદર રીતે સંપન્ન કર્યો હતો. શાળાના આચાર્ય ગોવિંદભાઈ મકવાણાએ પણ કાર્યક્રમની પ્રશંસા કરી ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. અને દર વર્ષે આવા કાર્યક્રમનો લાભ આપવા ગાયત્રી પરિવારને અનુરોધ કર્યો હતો. ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકોએ ખુબ સારી કામગીરી હતી ત્યારે બહોળી સંખ્યામાં વાલીગણ પણ ઉપસ્થિત રહેલ.

# વાવ ખાતે માલધારી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ ખાતે આવેલા માં સિકોતરના ભૂવાજી ઠાકરસીભાઈ રબારીએ મીડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે સને ૨૦૧૭/૧૮ ના વર્ષમાં ધો-૧૦ અને ધો-૧૨ માં વાવ- સુઈગામ- થરાદ- ભાભરના જે વિદ્યાર્થીઓ ઉંચી ટકાવારી મેળવી પાસ થયા છે. તેમનો તેમજ જેઓ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં સરકારી હોદ્દા ઉપર નવીન નિમણુંક મેળવી છે. તેમનો સિકોતર પરિવાર વાવ અને માલધારી યુવક મંડળ દ્વારા તા. ૫/૮/૧૮ ના રોજ સન્માન સમારોહ કાર્યક્રમ વાવ મુકામે સિકોતરમાના સાનિધ્યમાં પૂ.કનીરામબાપુની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ છે. તો તા. ૧૦/૭/૧૮ સુધીમાં દરેક વિદ્યાર્થીબંધુઓએ પોતાના અસલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ વાવ ટી.કે.એન્ટરપ્રાઈઝ સુઈગામ હાઈવે રોડ (ઠારકસીભાઈ શિક્ષક), થરાદ ખાતે વીર પ્લાઝા કોમ્પલેક્ષ ધરણીધર, વરજાંગભાઈ દેસાઈ મોરીલાવાળા, મેહુલભાઈ દેસાઈ દેવકાપડીવાળા, રામભાઈ દેસાઈ તલાટી, ઠાકરસી ભુઆજી (વાવ)ને પહોંચતી કરવા ભૂઆજી ઠાકરસીભાઈએ અનુરોધ કરેલ છે.

## ડોક્ટર્સ ડે : પહેલી જુલાઈ !

ઉમદા ને આશીર્વાદના અધિકારી એવા વ્યવસાય સાથે સંકળાયેલા તમામને બિરદાવવાની એક ઉત્સવ પૂર્ણ તારીખ છે : જુલાઇ ૧ ! એ તમામ માનવતાવાદી ડોક્ટર્સને મારા વંદન છે કે જેઓ ખરા અર્થમાં પોતાના વ્યવસાયને લોકોના જીવ બચાવવાના યજ્ઞ કે સેવા દ્વારા પોતાનું કર્તવ્ય પૂરું કરે છે.ડોક્ટર બળવંત ભાઇ જોશી, ડો, ઈલાવિયા, ડો. સંજય પરીખ અને એવા કંઈ કેટલાય દાક્તરો હશે જેમણે નિસ્વાર્થ ઉપરાંત સરસ મજાની સારવાર દ્વારા પુષ્કળ દર્દીઓને નવજીવન બક્ષ્યું છે ! ઘણાખરા ડૉક્ટરો પોતાના પરિવારના, સમયના, સ્વાસ્થ્યના અને સામાજિક જીવનના ભોગે પણ ઉત્તમ કહી શકાય તેવી : ખાસ તો ભગવાન પછીની : પદવી પ્રાપ્ત કરી, વટભેર, ગર્વથી જેમનું નામ આપી શકાય તેવા માનવતાવાદી કાર્યો દ્વારા પ્રજામાં મુઠ્ઠી ઊંચેરું, અલાયદું અન પૂજનીય સ્થાન પ્રાપ્ત કર્યું છે !પરંતુ અમુક એવા - પૈસાના લાલચુ - ડોકટરોને નમ્ર અરજ એ છે કે, દર્દીની સારવાર માટે જરૂરી તમામ રકમ મેળવવા આપશ્રી હકદાર છો જ પરંતુ એ સિવાય મરેલા દર્દીઓને પણ ખોટી રીતે દાખલ કરીને વિવશ, મજબૂર કે લાચાર એવા દર્દી અને તેમના આપ્તજનો પાસેથી યેનકેન પ્રકારે માત્ર ને માત્ર રૂપિયાને જ પ્રાધાન્ય આપી આ ઉમદા ડોક્ટરી સારવારનો વ્યવસાય છે તેમને કલંક લગાડી રહ્યા છો ; તો તે બંધ કરો. આજકાલ કોર્પોરેટ હોસ્પિટલ પ્રકારનું જે culture વિકસી રહ્યું છે, એ માટે "અમુક ડોક્ટરો જ" પોતાની દાક્તરી સેવા કે શાખ ભૂલીને "દલાલ" પ્રકારનું વર્તન કરી રહ્યા છે જે સમગ્ર સમાજ પર કાળી ટીલી રૂપ છે ! (જે ડોક્ટર્સએ ગરીબ, આર્થિક રીતે અસમર્થ કે નિસહાય લોકોની હાય લીધી છે તેઓ આજની કઈ અવદશા માં પીડાઈને જીવી રહ્યા છે તે સૌને માલૂમ છે જ ). અન્ય ડોક્ટરો ભેગા થઈ બિન-માનવતાવાદી કહેવાતા દાક્તરનો બહિષ્કાર કરી બાકીના ડોક્ટરોની ઈજ્જત + શાખ + નામના અને પ્રતિષ્ઠા સમાજમાં પ્રસ્થાપિત કરે ! આપમાંથી ઘણા લોકોનો હોસ્પિટલ પ્રત્યેનો કડવો અનુભવ હશે જ એટલે જ એવા નિર્લજ્જ કે ઈન્સાનિયત માટે ખતરારૂપ છે તેવા ડો.ને મારે બે હાથ જોડીને નમ્ર વિનંતી કરવી પડે છે કે, તમે જેની જરૂર નથી તેવી દવાઓ / સારવાર કે ઉપકરણો એટલા માટે ન વાપરો કે જેથી લાચાર / મજબૂર / વિવશ માણસોની બદદુઆનો ભોગ બન્યા વિના પોતાનું પારિવારિક અને સાંસારિક જીવન માનભેર અને ગૌરવભેર તેમજ ethically પ્રેક્ટિસ દ્વારા ડોક્ટર્સની ભાવિ પેઢી માટે એક સરસ મજાનો દાખલો બેસાડી શકો અને પ્રેરણાનું ઝરણું વહાવી શકો.ફરી વખત કહું છું કે, તમામ ડોક્ટર્સ ખરાબ નથી હોતા પરંતુ જે લાલચુ અને માત્ર ને માત્ર પૈસાને પ્રાધાન્ય આપીને, વખાના માર્યા દર્દી તેમજ તેમના સગાની આંતરડી ન કકળાવે અને ખરા અર્થમાં સ્નેહ ભરી, સારવાર કે શુશ્રુષા આપે ને તેઓ પોતાનો ખરો જીવન ધર્મ સમજે તથા સમાજ ઉપર પોતાનું ઋણ અદા કરવાનો મોકો મળ્યો છે તેમ સમજી દુખીયાઓની સેવા સારવાર કરે.

આ પોસ્ટ દ્વારા તમામ ડોક્ટર્સ કે સારવાર સાથે સંકળાયેલા વ્યક્તિઓ પોતાના હૃદયમાં જુએ ને જો તે ખોટા નથી તો બંધ બેસતી પાઘડી ન પહેરે તેવો અનુરોધ ! છતાં પણ જે કોઈ ડૉક્ટરને કે ડોક્ટરી સારવાર સાથે સંકળાયેલા વ્યવસાયમાં જોડાયેલા લોકોને આ લખાણ ન ગમે તો મને જવાબ આપ્યા વગર પોતાના કાર્ય દ્વારા જ પોતાની પ્રતિષ્ઠા બચાવે અથવા પ્રતિષ્ઠા વધારે. અસ્તુ.પ્રભુ નારાજ થાય તો ડો.પાસે મોકલેડૉ.નારાજ થાય તો પ્રભુ પાસે મોકલેતેથીસૌને દીર્ઘ તેમજ સ્વસ્થ જીવન કાજે શુભકામના - દિલથી ! આપ સહુનો શુભચિંતક.

**નિલેશ ધોળકિયા, અમદાવાદ**

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

(૧)રામચંદભાઈ વકતારામ ભાગલીયા(મો.૦૨૭૪૪-૨૨૨૦૮૦)
(૨) ઉર્મીલાબેન રાજેન્દ્રભાઈ પટેલ(મો. ૦૨૭૪૪-૨૨૬૭૦૭)
(૩)સવીતાબેન પુરૂષોત્તમદાસ પટેલ (મો. ૯૩૨૮૪૩૮૩૮૧)

**નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ**
**સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫, ૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮**

# આજે માધવ વિશ્વ વિદ્યાલયમાં વિના મૂલ્યે આરોગ્ય શિબિર યોજાશે

આબુરોડ

માધવ વિશ્વ વિદ્યાલય ૧ જુલાઈ ૨૦૧૮ ના રોજ (ડૉકટર્સ ડે) રાષ્ટ્રીય આરોગ્ય દિનના અનુસંધાને વિનામૂલ્યે આરોગ્ય શિબિરમાં તમામ રોગોની તપાસ કરવામાં આવશે.

વિશ્વ વિદ્યાલયના માધવ હોમિયોપેથી મેડિકલ કોલેજ એવ હોસ્પિટલ ખાતે આરોગ્ય શિબિર યોજાશે. હોમિયોપેથી વિભાગના ર્ડા. સુનિલસિંહે જણાવેલ કે અનુભવી ર્ડાક્ટરોની ટીમ સેવા પામશે. શિબિરમાં વરિષ્ઠ ર્ડા.આર.પી. ગૌડની સેવા ઉપલબ્ધ થશે. જેમાં મૌસમી બિમારીઓ, બાળરોગ, સ્ત્રી રોગની સાથે અન્ય રોગોનું નિદાન-સારવાર કરવામાં આવશે.

અત્રે નોધવું ઘટે કે માધવ વિશ્વ વિદ્યાલયમાં આયુર્વેદિક હોમિયોપેથી અને નૈચરોપેથીની સેવા મળે છે. દર મંગળવારે સંપૂર્ણ શારિરીક તપાસ વિના મૂલ્યે થાય છે.

# જેનાલમાં ૧૦૮ની ટીમ દ્વારા ડેમો પ્રદર્શન


બી.ટી.દરબાર

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાના જેનાલ ગામે ૧૦૮ ની ટીમ દ્વારા ડેમો સ્ટેશને બતાવવામાં આવ્યું હતું. જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ૧૦૮ ન હોય તો ઘેર પ્રાથમિક સારવાર કંઈ રીતે કરી શકાય તેની માહિતી આપવામાં આવી હતી. શાળાના બાળકોએ ૧૦૮ કઈ રીતે કામગીરી કરે છે તે જાણવાની જિજ્ઞાસા કરાતા તેના વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડીસા ૧૦૮ ના પાયલોટે ભરતભાઈ અને ઈએમટી જાયદાબેન પ્રાથમિક શાળાના આચાર્ય સચિનભાઈ પંચાલ તથા શાળાનો સ્ટાફ અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને બાળકોને માહિતી પુરી પાડવામાં આવી.

# મુડેઠા પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ


સાદુલસિહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા પ્રાથમીક શાળામાં બાળ સંસદ યોજવામાં આવ્યુ હતુ. જેનો ઉદેશ બાળકો ચુંટણીની પ્રક્રીયાથી માહિતગાર થયા હતા બાળકોને કોઈ રીતે મત આપવા, કેવી રીતે પ્રચાર કરવો, કેવી રીતે મત ગણતરી કરવી વગેરેની સમજ અપાઈ હતી. આ કાર્યક્રમમા બાળકો મતદાન કરવા માટે લાઈન લગાવી હતી શાળામાં પહેલી વાર ચુંટણી યોજાઈ હતી તેમા બાળ સંસદનો આનંદ પ્રાપ્ત કર્યો

જેમા શાળાના આચાર્ય હિરેનભાઈ પુરોહિત તેમજ શાળા સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ .જેમા શાળામાં બાળ સંસદ તરીકે હોદો સંભાળતા તેવો પહેલાં નંબરએ રાઠોડ રાહુલજી એમ. તેમજ બીજા નંબરમા રાઠોડ મેહુલસિહ એસ. બાળ સંસદ તરીકે શાળાની જવાબદારી સ્વીકારી હતી. ૧૨ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી શાળાના બાળકોએ પોતપોતાના વોટ ઉમેદવારને મતદાન પેટીમા રજુ કર્યા હતા. બાળ સંસદ ચુંટણીમા બાળકો પોતે પોલીસ બની શાળામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયા હતા પોલીસ સાથે રહી ને મતદાન ગણતરી કરી હતી.

# થરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મિડીયા કર્મીઓનું મોમેન્ટો આપી સન્માન કરાયુ


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં આવેલ કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિધાસંકુલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થરાના નવનિયુકત પ્રિન્સિપાલ ડો.દિનેશભાઈ એસ.ચારણે પત્રકાર કર્મીઓને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતુ.

થરામાં ચાલતી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિધાસંકુલ શ્રીમતી કાન્તાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ થરામાં નવનિયુકત પ્રિન્સિપાલ ડો.ડી.એસ.ચારણની નિમણુંક થતાં થરા મિડીયા કર્મીઓની મીટ ધ પ્રેસ બેઠક રાખેલ પ્રો.ડી.ડી.ઝાલાએ મિડીયાકર્મિઓનુ શાબ્દિક સ્વાગત કરેલ ઉપસ્થિત મિડીયા કર્મિઓએ પોતપોતાનો પરીચય આપેલ આ પ્રસંગે કોલેજના નવનિયુકત પ્રિન્સિપાલ ડો.ડી.એસ.ચારણે જણાવ્યુ હતુ.મિડીયાએ એક ચોથી જાગીર છે.

તેના માધ્યમથી વ્યકિતના સારા-નરસા પાસાને ઉજાગર કરવાનુ એક માદયમ છે. મિડીયા જાહેર માધ્યમો દ્વારા કોલેજની શૈક્ષણીક, સાંસ્કૃતિક પ્રવૃતિઓને સમાજમાં પ્રેરણામાટે પત્રકારો સાથે વિચારગોષ્ઠિ કરી હતી. તેમાં પત્રકારોએ કોલેજના કાર્યક્રમોને સમાજપયોગી થવા ઈચ્છા દર્શાવી હતી. આવેલ મિડીયાકર્મિઓનુ નવનિયુકત પ્રિન્સિપાલ ડો.ડી.એસ.ચારણે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.આ કાર્યકર્મમાં આભારવિધી પ્રો.ડો.એચ. એલ.દવે એ કરી હતી. અન દરેકનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે કોલેજના નવ નિયુકત પ્રિન્સીપાલ ડી.એસ.ચારણ, પ્રો.એસ. એ.ઠકકર, યશપાલસિંહ ટી. વાઘેલા, પ્રો.ડી.ડી.ઝાલા, પ્રો.ડો.એચ.એલ.દવે, પ્રો.ડો. આર.આર.રોહીત,

**અનુસંધાન પાના નં.૬**

# ગૌરવ ચોપ્રાની એ ભૂતપૂર્વ કોણ છે, જે ઈચ્છે છે કે, તે ફરીથી નારાયણી શાસ્ત્રી પાસે જતો રહે?



હોસ્ટ રાજીવ ખંડેલવાલની સાથે એક નિખાલસ ચર્ચામાં, પ્રસિદ્ધ અભિનેત્રી અને ભૂતપૂર્વ સુંદરી ગૌરવ ચોપ્રા અને નારાયણી શાસ્ત્રી વિશેના તેના ખાસ જોડાણ અંગે ચર્ચા કરશેઝી ટીવીના સપ્તાહના અંતના ચેટ શો, 'જઝબાત... સંગીન સે નમકીન તક'એ દર્શકોને રોહિત અને રોનિત રોય, અદા ખાન, દિવ્યાંકા ત્રિપાઠી, ધિરજ ધૂપર, રાખી સાવંત, બરુણ સોબતી, કરણ પટેલ, આશકા ગોરાડિયા અને અન્ય ઘણા પ્રસિદ્ધ સેલિબ્રિટીઓના વ્યક્તિગત જીવનને નજીકથી જોવાનો અને તેમનાથી નજીક જવાનો મોકો આપ્યો છે. શોના આગામી એપિસોડમાં જૂઓ ભૂતપૂર્વ પ્રેમીઓમાંથી સારા મિત્ર બનેલા ગૌરવ ચૌપ્રા અને નારાયણી શાસ્ત્રીને હોસ્ટ રાજીવ ખંડેલવાલની સાથે પ્રમાણિક સ્વિકાર કરતા. આગળ એપિસોડમાં, ગૌરવ અ નારાયણીની ખામીરહિત કેમિસ્ટ્રી અને મસ્તી દર્શકો માટે એક ટ્રીટ બની રહેશે કારણકે, બંનેએ કેટલીક મસ્તીભરી વાતો પણ રજૂ કરી સાથોસાથ કેટલાક રહસ્યો પણ છતા કર્યા છે. આ જોડીએ ઘણી મસ્તીભરી પ્રવૃતિ અને તેમની મિત્રતાના જોડાણ વિશે વાત કરી તથા તેમાં ઘણું મનોરંજન પૂરું પાડ્યું, આ એપિસોડ દર્શકો માટે ખરેખર મનોરંજક અને મસ્તીભર્યું રહેશે!વધુ જાણવા માટે જોતા રહો, જઝબાત્ત... સંગીન સે નમકીન તક દર શનિવારથી રવિવાર, સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

# ઈન્ડિયન સ્કૂલ ઓફ હોસ્પિટાલિટીએ વર્ચ્યુઅલ રિયાલિટી ટેક્નોલોજી ફોર હોસ્પિટાલિટી એજ્યુકેશન એન્ડ ઈન્ડસ્ટ્રીનું આયોજન કર્યું



ઈન્ડિયન સ્કૂલ ઓફ હોસ્પિટાલિટી (આઈએસએચ), શીખવાની અને તાલીમ સહાયતા તરીકે વર્ચ્યુઅલ રિયાલિટી ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉદ્યોગ માટે આતિથ્ય શિક્ષણ અને શિક્ષણ અને વિકાસને પુનઃપ્રક્રિયા કરી રહી છે. યુએસ આધારિત વર્ચુઅલ રિયાલિટી ડેવલોપર્સ ટ્રાન્ઝફવીઆરટીએમ સાથે,આઈએસએચ એ ગુરુગ્રામમાં બ્રાન્ડ-નવી ટેક્નોલોજી સક્ષમ આઈએસએચ કેમ્પસમાં પ્રથમ વર્ચ્યુઅલ રિયાલિટી હોસ્પિટાલિટી હોસ્ટિંગ અને ડેવલપમેન્ટ વર્કશોપનું આયોજન કર્યું હતું.આ પાઠ બ્રેકીંગ વીઆર વર્કશોપ કાર્યક્ષમ અને ખર્ચ-અસરકારક નવી રીતમાં તાલીમ અને શિક્ષણ માટે સંપૂર્ણપણે ક્રાંતિકારી અભિગમ દર્શાવે છે.આઈએસએચ નવી તકનીકીઓ લાવવાનું દ્રષ્ટિકોણ છે, જે શિક્ષણમાં શીખવા તેમજ હોસ્પિટાલિટી અને સાથી ઉદ્યોગો માટે શિક્ષણ અને વિકાસ માટે સક્ષમ બની શકે છે.અમને આ અમેઝિંગ ટેક્નોલૉજીનું પ્રદર્શન કરવાની તક મળી છે અને આ તક માટે અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.આ ઉદ્યોગોમાં આઈએસએચના વિદ્યાર્થીઓ અને કંપનીઓ બંને માટે સારી રીતે શીખવાની અનુભવ માટે એકીકૃત ટેક્નોલૉજીની શરૂઆત કરે છે. હું અમારા બધા લાંબા અને ટૂંકા ગાળાના કાર્યક્રમો માટે અમારા પોતાના અભ્યાસક્રમ માટે વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે આતુર છું.હું માનું છું કે તે અમારા વિદ્યાર્થીઓને નવી કુશળતા અને જ્ઞાન પ્રાપ્ત કરવાની સંપૂર્ણપણે ક્રાંતિકારી રીત આપી શકે છે. "

# હું એક- સ્ત્રી પુરુષ છુઃ &TV પર હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં સલમાન



છેલ્લા ૧૪ સપ્તાહમાં &TV પર હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરે સ્પર્ધકો અને સેલિબ્રિટી જજો વચ્ચે પણ હૃદયસ્પર્શી સુમેળ જોયો છે. સ્પર્ધકોને તેમનાં સપનાં સાકાર કરવાની તક તરીકે શરૂ થયેલો આ શો હવે તેમને માટે સેકંડ હોમ બની ચૂક્યો છે, જ્યાં તેઓ પોતાના મનની વાત કરી શકે છે. શોનો નવો જજ સલમાન યુસુફ ખાન નિયમિત ડાન્સ વાર્તાલાપની સહેજ પાર નીકળીને સુંદર અવસરોને યાદ કરે છે, જેમાં તેણે સૌપ્રથમ અને એકમાત્ર સ્ત્રીને પ્રપોઝ કર્યું હતું. તેમના સમોવડિયાઓ દ્વારા ગોઠવેલાં લગ્નને યાદ કરતચાં સલમાને તે સમયની પોતાની ભાવનાઓ અને રોમાંચને વાગોળ્યાં હતાં.

# અગ્રણી આઈટી સોલ્યુશન પ્રોવાઈડર હિડન બ્રેઈન્સે સફળ કામગીરીના ૧૫ વર્ષની ઉજવણી કરી




અમદાવાદ

શહેર સ્થિત અગ્રણી આઈટી સોલ્યુશન્સ પ્રોવાઈડર હિડન બ્રેઈન્સ ઈન્ફોટેકે આજે રાજપથ ક્લબ પાસે પંડિત દિનદયાળ ઓડિટોરિયમમાં એચબી કન્વર્જન્સ ૨૦૧૮ના આયોજન સાથે કંપનીની સફળ કામગીરીના ૧૫મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. કંપની વેબ એપ્લીકેશન્સ ડેવલપમેન્ટ, સોફ્ટવેર સર્વિસિસ, મોબાઈલ એપ ડેવલપમેન્ટ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી), બ્લોક ચેઈન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ, બિગ ડેટા સહિતના ક્ષેત્રોમાં નોંધાપાત્ર કામગીરી ધરાવે છે.આ પ્રસંગે વિકાસ ચઉચાર્યાએ ઉપસ્થિત મહેમાનો સમક્ષ કંપનીની અત્યાર સુધીની કામગીરી, સફળતા, સિદ્ધિઓ અને આગામી વર્ષોના લક્ષ્યાંકો તથા વિઝન અંગે જાણકારી આપી હતી. ઝડપથી પરિવર્તનશીલ આઈટી ઉદ્યોગમાં મજબૂત સ્પર્ધા કરવા અને બેસ્ટ સોલ્યુશન્સ માટે ઈનોવેશનની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં તેમણે કર્મચારીઓને સખત મહેનત અને રચનાત્મકતા ઉપર વધુ જોર આપવાનો અનુરોધ કર્યો હતો. હિડન બ્રાઈન્સે ટેકનોલોજીકલ ઈનોવેશન સાથે કારોબારી જગતમાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરીને વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરી છે. વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલી કંપનીએ આજે વિશાળ સ્વરૂપ હાંસલ કર્યું છે અને વિશ્વભરમાં ઈનોવેટિવ આઈટી સર્વિસિસ પૂરી પાડે છે. આ વર્ષો દરમિયાન કંપનીએ વર્ષ ૨૦૦૫માં યુએસએમાં બિઝનેસ પાર્ટનરશીપ વિકસાવવાની સાથે-સાથે અમદાવાદમાં પ્રથમ ઓફશોર ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી હતી. કંપનીએ વર્ષ ૨૦૧૪ સુધીમાં પોતાની ઉપસ્થિતિ વિશ્વના ૯૭ દેશોમાં વિસ્તારી છે, જેમાં યુએસએમાં બિઝનેસ પાર્ટનરશીપ મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ સાથે કંપનીના કર્મચારીઓની સંખ્યા પણ ૩૫૦ને પાર કરી ગઈ છે. વર્ષ ૨૦૧૫થી હૈદરાબાદમાં ડેવલપમેન્ટ સેન્ટરનો પણ પ્રારંભ કરાયો છે.

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...


## કેપ્સુલ

ટ્રાફીક પોલીસ : ભાઈ ટ્રાફીક રૂલ તોડયો છે ચલણ બનાવવું પડશે તમારૂં નામ શું ?

વિદેશી : વિલહૈમ વોનકોરગ્રીન્સ્કી.

ટ્રાફીક પોલીસ : આ વખતે તો છોડી દઉં છું ફરી આવી ભુલ ના કરતા.. હવે જાવ..

૦૦

મંજુબેન : અંજુ સાંભળી લે તું મારા વરને ફસાવીશ તો એક વાર તો માફ કરી દઈશપણ..

અંજુ :પણ શું ?

મંજુ : મારી કામવાળીને ભરમાવવાનો પ્રયાસ કર્યો તો તારૂં ધનોતપનોત કાઢી નાખીશ સમજી..

૦૦

બસમાં બેઠેલા એક મુસાફરે બારીમાંથી બહાર જોઈને પુછયું ભાઈ આ કયું શહેર છે ?

બસ સ્ટેન્ડ પર ઉભેલા છોકરાએ તેને કહ્યું, અમે તારા નોકર નથી નીચે ઉતરીને જોઈ લે.. બસ સ્ટેન્ડ પર લખેલું છે કે સુરાણા છે.

૦૦૦

નાથાલાલ : હે રઘલા ! આ બધી સ્ત્રીઓ આટલી બધી વાર બ્યુટીપાર્લર કેમ જતી હશે ?

રઘલો :કાકા ! આપણાં વાહનો જેમ જેમ જુનાં થતા જાય તેમ તેમ ગેરેજમાં મોકલવા પડે છે ને તે રીતે..

**સુંડાજી ઠાકોર (સુરાણા)**

૦૦૦૦



# ગરબડ છે ભૈ

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

ચારેકોર ગરબડ જ ગરબડ છે. ગામ ગલી અને ઘર એક નજર કરો તમને ગરબડ જ નજરે આવવાની. કયાંક નાની કયાંક મોટી, અરે કયાંક સાચી કયાંક ખોટી, ખોટી ગરબડને ઉભી કરોને તમે એક મોટો વિવાદ ઉભો કરી શકો છો. દા.ત. નર્મદા નદીમાં કોઈક સ્થળે સરદાર વલ્લભભાઈનું મોટું પુતળું બનાવવાનું છે ને એ માટે સરકારે ખુબ ખરચો કરવાની છે. બસ આ મામલે તમે ગરબડ કરી નાખો કે આ અક્કલ વગરની, બુધ્ધિ વગરની સરકાર નદીમાં પુતળું બનાવીને ખોટો ખર્ચ કરે છે. એટલા રૂપિયાનું દુધ લાવી ગરીબોનાં છોકરાંને પીવડાવ્યું હોય તો કયાંક ગુજરાતની વિધવા નારીઓને એક એક સાડી આપી હોત, બસ ગરબડ ચાલુ તમે થશે ઓ અવળા હાથના, અવળા લેખક આમ ગામના લોકોને ભડકાવવાનું કામ કરી રહ્યો છે તો તું જ ગરબડ કરી નાખને.. ખેર આને વિવાદ કહેવાય કે ગરબડ એની લેખકને ખુદને જ ખબર નથી પણ દેશમાં.. રાજયમાં નજર કરો ગરબડો ચાલી રહી છે.. કયાંક ગરબડ ઉભી કરીને રોટલા શેકવામાં આવે છે તો કયાંક કેટલાકો ગરબડના માધ્યમે બારે મહીનાના રોટલા પાણી રળી લેતા હોય છે.

પેટની ગરબડ તો જાણે બધાને માટે એક સામાન્ય બાબત છે. વિશ્વમાં એવો કોઈપણ માણસ બતાવો જેણે કહ્યું હોય કે હું ફલાણા દેશનો વાસી છું, મારૂં નામ ચંદુલાલ અમથાલાલ ફાંદવાળા છે. ને મને. .આ જન્મ પેટમાં કયારેય દર્દ દુ:ખાવો થયો નથી.. મારે સોડા પીવી પડી નથી અરે પેટનું દર્દ અર્થાત ગરબડ મટાડવાને માટે.. બીડી પીવી પડી હોય.

તમે માનો કે ન માનો, બીડીને સ્વર્ગની સીડી ભલે કહેવાતી હોય પણ એ એટલાં બધાં કામોમાં આવે છે કે શું વાત કરવી ? કોઈને ગેસ ચડયો હોય અને બે ફુંક બીડીની મારે તો. પેટનો ગેસ ફટાક ફુ થઈ જાય છે. કબજીયાતનો ઉપાડો થયો હોય એને સંડાસમાં જઈને દેશીની, ખાખીની બે ફુંક મારી કે. આહા..હા.. સહરાનું મસમોટું રણ, કાશ્મીરના કોઈ મસ્ત ગાર્ડનમાં બદલાઈ ગયું અને પેટની ગરબડ દુર..

પેટની ગરબડ પણ ઘણી સમસ્યાઓ સર્જે છે તમે માનો કે નહીં માનો પણ સપાટ પેટવાળા ઓછા જોવા મળે છે. ઘણાની ફાંદ એટલી બધી વધી ગઈ હોય છે કે પટ્ટો બાંધી શકાતો નથી અને એ જ ફાંદના લીધે જ્યાં બેઠા હોય ત્યાંથી ઉભા થઈ શકતા નથી અને તો ઉભા હોય ત્યાં બેસી શકતા નથી. આજે પેટમાં ગરબડ જેવું ગણાય છે. ઘણા પાસેથી સાંભળ્યું હશે કે આ ગરબડના લીધે વળી નોકરીમાં ગુલ્લી પણ મારી હશે.પેટમાં ગરબડ જેવું છે.. એવું સાંભળ્યું આપણે પણ કયારે કહ્યું ત્યારે ગરબડ ના થાય તો શું થાય ? ઓફિસમાં સાંજે ભેળનો નાસ્તો ખાધો. એતો માર્ગમાં અડધે હતી ત્યાં બે કચોરી ખાધી પત્નીએ ઘેર પકોડીનો પ્રોગ્રામ રાખ્યો હતો એમાં બેટીંગ કરી પછી પછી કાં તો રાત્રે ગરબડ કે પછી સવારથી જ ગરબડ... પત્ની પચાસ વાર કહી ચુકી છે કે ખાવાનું ઓછું રાખો પણ પણ કાલે આ અનાજ ખુટી જાય અને ભુખે મરવાનો જો વારો આવે એના કરતાં ભરી લેવું.. ભરેલું જ રાખવું ઘણું સારૂં..

પછી પેટની ગરબડ ન થાય તો શું થાય ?

ગરબડ વાળા આ લેખમાં પેટની નાની કે મોટી ગરબડ પજવી શકે છે.

ગરબડ કયાં નથી ? જરા વિચારો જનતાની સેવાના નામે ખાડા ખોદીને રસ્તાને ભગવાન ભરોસે છોડી જાય છે. ખાડો, ખાડા ખોદનારા મજુરો કે ઈજનેરો રામારાજને પ્રજા સુખીની જેમ કામ કરીને ચાલ્યા જાય છે.. પછી પ્રજા, વાહનચાલકો જે અનુભવે છે જે અનુભવે છે એ મામલે સત્તાવાળાઓના પેટનું નથી પાણી હાલતું કે નથી એમને પ્રજાની ચિંતા થઈ. આવા ખાડા જેને લેખક રસ્તાની ગરબડમાં ખપાવે છે એ સૌને ખાસ કરીને ત્યાંથી પસાર થનારને પીડે છે અને રસ્તાની નાની મોટી ગરબડ તો જાણે કોઠે પડી ગઈ છે. ગુજરાતીમાં મોટે ઉપાડે ખાડો ખોદે તે પડે એવી કહેવત હોય પણ એ ખાડો ખોદનારા કોઈ મજુર, ઈજનેર


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# વરસાદ લાવવા માટેના જાતજાતના પ્રયાસો

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

### અંધવિશ્વાસ અને પરંપરાના સહારે માનવ

ચોમાસાની ઋતુ આવતાં જ લોકો વરસાદની ચાતકની જેમ રાહ જુએ છે પરંતુ કેટલીક વાર ઘણા દિવસો સુધી વરસાદ વરસતો નથી ત્યારે લોકો વરસાદના દેવતા ઈંદ્રને રીઝવવાને માટે વિશ્વભરમાં અને એમાંય ખાસ કરીને આદિવાસી લોકો જાત જાતના નુસખા, પ્રયોગો, ટુચકા અજમાવે છે.

દક્ષીણ આફ્રિકાની તોઈનામા જાતિના લોકો જ્યારે વરસાદ ખેંચાય છે ત્યારે તેને પાછો બોલાવાને માટે મરેલા માણસની ખોપડીમાં મીઠું અને માટી ભરીને જંગલમાં કોઈ એકાંત સ્થળે દાટી દેવામાં આવે છે. રાત્રીના સમયે આ દાટેલી ખોપડીની ચારે બાજુએ ગામના આદિવાસીઓ સમુહમાં ગોઠવાઈને મંત્ર જાપ કરે છે ત્યાર બાદ જમીનમાંથી એ દાટેલી ખોપડી બહાર કાઢીને તેના પર માદા સગર્ભા ગીધની બલી ચઢાવવામાં આવે છે. આ કરવાની પાછળ એમની માન્યતા એવી છે કે ખેંચાયેલો વરસાદ પાછો ફરીને જરૂર વરસે છે.

દક્ષિણ આફ્રિકામાં વસતી તોઈનામાં જાતીના આદિવાસીઓમાં ખેંચાયેલા વરસાદને પાછો બોલાવવાની વિચિત્ર પરંપરા જોવા મળે છે. આ લોકો પોતાના શરીર પર કોઈ અણીદાર વસ્તુ દ્વારા ઘા પાડીને લોહી કાઢે છે અને પછી એક ટોળું ચીસાચીસ કરી મુકે છે, રડે છે, આની પાછળ એમની માન્યતા એવી છે કે સાંભળીને બુમબરાડા અને રડવાનો અવાજ સાંભળીને વર્ષાના દેવતા ઈન્દ્ર એમનું સાંભળશે અને વરસાદને વરસાવશે.

પૂર્વીય ટાપુસમુહની જનજાતીમાં વરસાદને બોલાવવાની વિચિત્ર પ્રજા જોવા મળે છે. ત્યાંના લોકો પોતાના માથાના વાળ મુંડાવીને આકાશની તરફ આંગળી દ્વારા ઈશારો કરે છે. આ ઈશારાનો એવો અર્થ થાય છે કે એમને પાણીની જરૂર છે. ઘણી વાર સમુહમાં થયેલા ઈશારાને કારણે આકાશમાં ગડગડાટ થાય છે, વાદળા ઉમટી આવે છે અને જોરદાર પવન ફુંકાય છે તથા થોડી વારમાં જ આકાશમાંથી વરસાદના ટીપાં પડવા લાગે છે .આકાશમાંથી પડતા વરસાદના ટીપાને માથું મુંડાવનાર લોકો પોતાના હાથમાં ઝીલીને આનંદથી નાચવા લાગે છે અને નાચતા નાચતા બોલે છે કે અમે વરસાદને પાછો બોલાવ્યો આટલું બોલતાં બોલતાં પોતાના ઘેર પાછા ફરે છે.

દક્ષિણ અમેરીકાના કેટલાક આદિવાસી વિસ્તારોમાં જ્યારે વરસાદ પડતો નથી ત્યારે પાણી ભરેલા વાદળોને વરસાદને પાછો બોલાવવાને માટે અહીંયાના આદિવાસીઓ પોતાના માથા પર કાળી છત્રીઓ લઈને વિચિત્ર નૃત્ય કરે છે.

બર્મામાં રહેતા આદિવાસીઓ હાથમાં મશાલ લઈને હાથી પર સવારી કરીને એક વિશાળ રેલી કાઢે છે. ત્યાર બાદ એક ખુલ્લા મેદાનમાં બધા હાથીઓને ભેગા કરવામાં આવે છે અને પછી હાથીઓને એક સાથે ચીંઘાડવામાં આવે છે.આની પાછળની માન્યતા એવી છે કે હાથીઓની ચિંઘાડ સાંભળીને પાણી ભરેલાં વાદળાં દોડતા દોડતાં આવીને તરસી ધરતી પર વરસીને તેની તરસ છીપાવે છે.

પેરૂ દેશના આદિવાસીઓ શરીર પર ફાટેલા વસ્ત્રો પહેરીને પોતાની કુળદેવી સમક્ષ નૃત્ય કરે છે. આ નૃત્ય દરમ્યાન તેઓ એકબીજાનું માથું એક બીજા સાથે ભટકાવે છે. આમ કરવાથી જ્યારે કોઈ વ્યક્તિના માથામાંથી લોહી નીકળવા માંડે છે ત્યારે એવું માનવામાં આવે છે કે વરસાદના રાજા ઈન્દ્રે એમની પ્રાર્થના સાંભળીને પાણી ભરેલાં વાદળો મોકલી આપશે અને થોડી વારમાં વરસાદ ધીરે ધીરે વરસવા માંડશે.

ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓ પર્વત પર ચડીને આકાશ તરફ ઘણા બધા તીરો છોડે છે. આની પાછળ એમનો વિશ્વાસ એવો છે કે તેમના તીરથી પાણી ભરેલા વાદળો વીંધાશે અને પૃથ્વી પર પાણી વરસવા માંડશે.

કોરીયામાં જ્યારે ચોમાસામાં ઘણા સમય સુધી વરસાદ વરસતો નથી ત્યારે તેને પાછો બોલાવવાને માટે અહીંયાના આદિવાસીઓ માછલીની અને દેડકાંઓની આકૃતિઓવાળા મોટા મોટા પતંગો આકાશમાં ખુબ ઉંચે સુધી ઉડાડવામાં આવે છે.


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# પાણીપુરીના સાત ફ્લેવર માંદગી માટે પુરતા છે ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

હમણાં હમણાં અમદાવાદી ગુજ્જુ બહેનો લગભગ કુલ વસતીના વીસ ટકા કરતાં વધારે બહેનોએ પાણી પુરી પકોડીના ચસ્કે ચડી હોય તેવું લાગે છે. દેખ કબીરા.. અમારો એક પાણીપુરી વેચનારો બનારસનો બાબુ થોડાક દિવસ પહેલાં મળેલો એની પાસેથી અમે પકોડી ઉર્ફે પાણીપુરીની તમામ વિગતે ઘણી પ્રોફાઈલ જાણ લીધી.

સામાન્ય રીતે પાણીપુરીનો જન્મ યુપીના ઈટાના નગરમાં થયેલો. જ્યાં એક તુલસી નામે પાણીપુરીવાળો લગભગ સિત્તેર વરસ પહેલાં થઈ ગયો. જેની પાણીપુરી ખવડાવવામાં મોટી કમાલ કરી છે.. દેખકબીરા.. એ સમયે મીનાક્ષીદેવીની પકોડી ખુબ બનતી હતી. પાણીપુરી પકોડી લગભગ ૧૯૫૦ ની સાલમાં એક રૂપિયાની દસથી પંદર મળતી હતી જે આજે દસ રૂપિયામાં માત્ર પાંચ મળે છે. એ પણ આપણા ગુજ્જુભાઈઓની માંગણીથી.. દેખ કબીરા..

પાનીપુરીમાં મારવાડ ભીનમાલથી આવેલા મારવાડી અમદાવાદમાં સૌ પ્રથમ સાત ફ્લેવરવાળી પાણીની શરૂઆત કરેલી એ એટલે સુધી અડીખમ થઈ ગઈ છે કે એક પકોડીવાળો સામાન્ય બહારના સ્ટેટનો વતની પકોડીદેવીની સહાયથી એક કરોડના બંગલાનો માલિક બની ગયો.. અમે તેનો બંગલો સગી આંખે રૂબરૂ જોયો છે. જ્યાં રોજની પચાસ બહેનો પકોડી વણીને તેની શેઈપ પ્રમાણે ગોઠવીને તૈયાર કરી હલકા પ્રકારના તેલમાં તળે છે.. લગભગ એક કઢાઈમાં કાઢેલું તેલ એ લોકો દસથી બાર વખત ઉપયોગમાં લે છે.. છેલ્લે એકદમ કાળો રંગ ધારણ કરેલું તેલએ લોકો મશીનરીવાળાઓની વેચી દે છે.આવી પકોડી આપણા માનવીઓના પેટ માટે મોટી ખતરનાક સાબિત થઈ છે. એક સર્વે મુજબ અને એક મોટા આરોગ્યના અધિકારીના જણાવ્યા મુજબ પાણીપુરી પકોડી ગુજરાતીઓમાં પેટના દર્દો, ગળાનાં દર્દો, આંતરડાના કોલાઈટીસ અને આંતરડાનાં ચાંદા, બળતરા તેમજ મોટા મરડાના શિકાર બને છે. આંતરડાના સોજા માટે અનેક વાર વપરાયેલું તેલ પણ ખુબ મહત્વનો ભાગ ભજવી શકે છે.

વાત આટલેથી અટકતી નથી. મયારામ પાણીપુરી વાળાની પકોડી આજે સાત ફ્લેવરથી શણગારવામાં આવી છે. જેમાં ખાટાપાની, સંચળ પાણી, ધાણાપાણી, ફુદીના પાણી, વરીયાળી પાણી, મીઠાપાણી અને સ્પેશ્યલ પાણી હાજમાહજમ પાણી જેવાં વિવિધ નામાભિધાનથી જોડી ચીનાઈ બરણી ઉપર લખેલાં ફ્લેવરનાં નામ જોઈ આવ્યા. માત્ર ગુજરાતી નર નારીઓ ખુબ ગેલમાં આવી જાય છે.. દેખ કબીરા..

હુક્કાબારના ફ્લેવર કરવા પાનીપુરીના ફ્લેવર વધારે આર્કષણ ઉભા કરી બેસે છે. અમારા જાણવા પ્રમાણે ગુજરાતી ભાઈ બહેનો સિવાય લગભગ કોઈ અન્ય રાજયના નબીરાઓ આના રવાડે ચડતા નથી. દેખ કબીરા.. અમે આ બાબતને એક સંશોધનના વિષય તરીકે લઈને કેટલુંક ફીડબેક તૈયાર કર્યું હતું જેમાં સારા, શ્રેષ્ઠ અને ઉત્તમ યશવાળા મારવાડીઓ ઉપર એ ફીડબેક પ્રેઝન્ટ કર્યું તે સમયે અમે એક નિર્ણય પર આવેલા પેલા મારવાડી મદનલાલ વાસણવાળાના કહેવા મુજબ હમ લોગ પકોડી પાની પુરી નહીં ખાતે બાકી હમારા ખાસ શૌક હૈ બાટી ચુરમા.. બસ આ એક મજેદાર અને મહેનતી ખોરાક માટે સમગ્ર મારવાડી મુંબઈ અને અમદાવાદને પોતાનું ઘર બનાવી બેસી ગયા છે.

પાનીપુરી ઉર્ફે પકોડી બાબતમાં અમે એક ફીડબેક પેલા યુપી બિહારવાળાઓ માટે તૈયાર કર્યું હતું જેમાં એક મોટા બાંધકામ કોન્ટ્રાકટર ચંદુ યાદવ માટે અભિપ્રાય લીધો એ સમયે કંઈક આવું જાણવાનું મળ્યું. અરે સાહેબ યે પકોડી અને પાનીપુરી કૌન સી બલા હૈ જીસે લોગ ચાવ સે ખાતે હૈ, હમ લોગ તો ઐસી નાચીઝ ખુરાક કો કભી હાથ લગાતે નહીં..હૈ...હા.. હમ લોગ પકોડી પાનીપુરી બેચતે કમાતે હૈ.. પર ખાતે નહીં હૈ.. મેં તો એક અપના હેલ્થ ખરાબ કરને કા સબસે અચ્છા ધંધા હૈ.. સમજે ??

અને છેલ્લે અમારી એક અત્યંત નજીકની પેલી પરિચારિકા ઉર્ફે નર્સ જે કેરાબીયન છે

તેનું ફીડબેક લીધું એ સમયે એ બોલી ઉઠી: યે કયા સબ બબાલ હૈ મેં પકોડી મેં પાનીપુરી એક નોનસેન્સ નાસ્તા હૈ, ઈસસે બહુત સારી બિમારીયાં હમ અપને પેટ મેં કયો દાખીલ હોને દેગે ? ખરેખર એક વાત સર્વ સ્વીકૃત છે. ગેસ, અપચો, વાયુ, એસીડીટી, હાયપર એસીડીટી અને ગેસ્ટ્રોઈન્ટ્રા રોગો માટે એક પુરક આહાર છે.. જે ખરેખર હાનિકારક છે જ.. નિર્ણય તમારો...


**ડૉ. બી.પાટણવાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**


# ટાઈગરની સાથે કૃતિ સનુન ફરી નજરે પડશે :અહેવાલ

બોલિવુડની આશાસ્પદ સ્ટાર કૃતિ સનુન ટાઈગર શ્રોફની સાથે કામ કરવાને લઈને આશાવાદી છે. કૃતિ અને ટાઈગરે એક સાથે હિરોપંતિ ફિલ્મ મારફતે બોલિવુડ કેરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદથી બન્ને ઉભરતા સ્ટારે પાછળ વળીને જોયુ નથી. જો કે બન્નેની જોડી હિરોપંતિ બાદ સાથે દેખાઈ નથી. કૃતિએ ગુરૂવારના દિવસે બાગી-૨ની ખાસ સ્કિનિંગ પ્રસંગે ટાઈગરની ભારે પ્રશંસા કરી હતી. તેનુ કહેવુ છે કે અમે એક સાથે બોલિવુડમાં આવ્યા હતા. ફિલ્મ વર્ષ ૨૦૧૪માં આવી હતી. બાગી-૩નો હિસ્સો બનવાને લઈને પુછવામાં આવતા કૃતિએ કહ્યુ હતુ કે તે આ અંગે કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી. તેનુ કહેવુ છે કે આ પ્રશ્નનો જવાબ તે આપી શકે તેમ નથી. જો કો તે ચોક્કસપણે ટાઈગરની સાથે ફિલ્મમાં કામ કરવા માટે ઉત્સુક છે. તેનુ કહેવુ છે કે તે ટાઈગર પર ગર્વ અનુભવ કરે છે. તે દરેક ફિલ્મ સાથે નવી નવી ઉંચાઈ પર પહોંચી રહ્યો છે. બીજી બાજુ કૃતિ પણ સારી સારી ફિલ્મો હવે મેળવી રહી છે. તે હવે હાઉસફુલ-૪ ફિલ્મમાં નજરે પડનાર છે. તે આ ફિલ્મની ટીમ સાથે જોડાઈને ખુશ છે. આ ફિલ્મમાં તેની સાથે અક્ષય કુમાર, બોબી દેઓલ અને રિતેશ દેશમુખ છે. સાજિદ નડિયાદવાળા દ્વારા નિર્મિત આ ફિલ્મ હાઉસફુલ-૪ મારફતે તે ફરી એકવાર નિર્દેશનના ક્ષેત્રમાં એન્ટ્રી કરનાર છે. નિર્દેશક તરીકે સાજિદ બીજી ઈનિગ્સ શરૂ કરનાર છે. આ ફિલ્મ આગામી વર્ષે દિવાળી પર રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે. હાફસફુલના અગાઉના તમામ ભાગ સુપરહિટ રહ્યા છે. જેથી ફિલ્મને લઈને ચાહકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે. આ ફિલ્મના તમામ ભાગ કોમેડીથી ભરપુર રહ્યા છે.ટાઈગર અને કૃતિની જોડી હિરોપંતિમાં તમામને ગમી હતી.

# કેવા ગ્રહો વિદેશયોગ બનાવે ?

વિદેશ જવા માટે પહેલા ભારતમાં ભાગ્યે જ કોઈ હશે આગળના જમાનામાં વિદેશીઓ ભારત આવતા હતા જ્યારે આજના આ આધુનિક સમયમાં ભારતીયો વિદેશ કમાવા માટે, ફરવા માટે કે ત્યાંના સ્થાઈ થવા માટે જતા હોય છે. ભારતમાં આજે પણ દરેક વસ્તુઓ જેવી જ્ઞાન, અભ્યાસ, યોગાસન તેમજ ફરવા માટેના સુંદર સ્થાનો છે.




છતાં ફરવા માટે, કમાવા માટે પણ વિદેશ જતા હોય છે.

કેવા ગ્રહો વિદેશ જવા માટે યોગ બનાવે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં બારમો ભાવ બળવાન થતો હોય બારમા ભાવમાં ઉંચનો કે સ્વગ્રહી અથવા મિત્રના ઘરમાં હોય અને તેને કોઈ શુભ ગ્રહ દેખતો હોય તો તો વિદેશ જવા માટે યોગ બને છે.

દ્રષ્ટાંતકુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં બારમા ભાવમાં પોતાના ઘરનો બુધ રહેલ છે જે બારમો ભાવ બળવાન બને છે. બારમા ભાવથી પ્રવાસ વિદેશ ગમન કાકા, ફઈ બાબતે જોવાતું હોય છે. આમ બારમાં નવ બળવાન બનતો હોવાથી આવા જાતક વિદેશ જઈ ત્યાં ધન અને નામના કમાતા હોય છે.

નોંધ : જો બારમા ભાવ ઉપર પાપગ્રહની દ્રષ્ટી હોય તો એવા જાતક વિદેશ જાય છે પણ ત્યાં જઈને હેરાન થતા હોય છે અને વતન પાછા ફરતા જોવા મળે છે.


**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**


# વડાપ્રધાન મોદીની નીતીઓથી દેશની જનતા સંતુષ્ટ નથી : મોંઘવારીની સમસ્યા યથાવત

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

મોંઘવારીની સમસ્યા બાબતે સરકાર ગમે તેવું સંશોધન કરે પરંતુ તેનો કોઈ અર્થ સરવાનો નથી. કેમ કે મોટા ભાગે દેશમાં આવશ્યક વસ્તુઓનો સંઘરાખોરોને કોઈ સરકાર પડકારી શકી નથી. આના પરિણામે આવશ્યક વસ્તુઓના ભાવ આગળ ને આગળ દોટ લગાવે જાય છે. આ બાબતે દેશની સામાન્ય જનતા ઘંટીમાં પીસાતા ઘાણીની જેમ પીસાઈ રહી છે. છતાં સરકાર આ બાબતે નિષ્ક્રીય રહી છે. દેશની સેન્ટ્રલ સ્ટેટીસ્ટીક ઓફિસ (સીએસઓ) એ ગત સપ્તાહે જણાવ્યું હતું કે દેશમાં મોંઘવારીનો દર છેલ્લા ૧૭ મહીનામાં સૌથી વધારે ૫.૨૧ ટકા સુધી પહોંચી ગયો છે. મોંઘવારી વધવાનું કારણ ખાવાપીવાની ચીજવસ્તુઓ મોંઘી થતી ગઈ છે. જે ભાવો ચાલે છે તે વેપારીઓના મનઘડત ભાવો હોઈ શકે છે.

અમુક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે જીવન જરૂરી ચીજવસ્તુઓ અનાજ,કઠોળ, તેલ,દુધ અને શાકભાજીના ભાવમાં સતત વધારો થતો રહ્યો છે. સરકાર આ ભાવ વધારા સાથે ક્રુડ ઓઈલના ભાવ વધારાની વધઘટનો જોડે છે અને કહે છે કે આ ચીજ વસ્તુઓના ટ્રાન્સપોર્ટેશનની લાગત વધુ આવે છે. એટલે જ્યારે પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો થાય છે એટલે તરત જ આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ જતો હોય છે.ડીઝલના ભાવ પેટ્રોલને સમકક્ષ થવાના છે. જો આમ થાય તો સીધી અસર કૃષિક્ષેત્રમાં વપરાતા ડીઝલના ભાવ વધારાની સીધી અસર કૃષિપેદાશો પર પડયા વિના રહેશે નહીં જેથી મોંઘવારી ઘટવાની કોઈ શકયતા જણાતી નથી. સરકાર જીવનજરૂરી ચીજવસ્તુઓના વિતરણ માટે ઓછામાં ઓછું ટ્રાન્સપોર્ટેશન થાય તેવી વ્યવસ્થા કેમ ગોઠવી શકતી નહીં હોય. આજે આઝાદીને ૭૦ વર્ષ થઈ ચુકયા છે પરંતુ ખેતરમાં ઉત્પન્ન થતું અનાજ કે શાકભાજી જે ભાવે લોકો ખરીદી રહ્યા છે તે ભાવના અડધા ભાવ પણ ખેડુતને મળતાં નથી. અનાજ શાકભાજીનું ઉત્પાદન કરે છે ખેડુત તેનો ઉપયોગ કરે છે. દેશની જનતા છતાં ખેડૂત તો ગરીબ જ રહ્યો છે ખાસ કરીને સંઘરાખોરો દેશની જનતાને લુંટી રહ્યા છે. ખેડૂત ભલે ગમે તેટલી મહેનત કરે પરંતુ તેના નસીબમાં ધનીક બનવાનું લખ્યુ નથી. જેથી ત્રાસીને અસંખ્ય ખેડૂતો આત્મહત્યાનો માર્ગ અપનાવે છે. આ સિવાય અન્ય કોઈ વિકલ્પ જણાતો નથી. ખેડુતની મહેનત પર માત્ર વેપારીઓ કમાણી કરી રહ્યા છે દેશની આ અવ્યવસ્થા મુળભુત રીતે મોંઘવારીનું મોટું કારણ છે. વર્તમાન સંજોગોમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં બટાકાનો જંગી પાક થયો હતો. અને તૈયાર થયેલો બટાકાના ભાવ એટલા ગગડી ગયાં કે ખેડૂતોને બટાકાનું કોલ્ડસ્ટોરેજમાં મુકી રાખવાનું ભાડું પણ પોષાય નહીં એટલે બટાકા રોડ પર ફેંકી માર્યા.. જાનવરોને ખવરાવી દેવામાં આવ્યા છતાં ગુજરાતમાં શાકમાર્કેટોમાં બટાકા ૧૫ થી ૨૦ રૂપિયે કીલોના મોંઘા ભાવે વેચાઈ રહ્યા છે. યુપીમાં પેદા થતા બટાકા ગુજરાતમાં વેચાવા માટે લાવવાના પ્રયાસો કેમ થતાં નહીં હોય ?

સવાલ એ ઉપસ્થિત થાય છે કે વર્તમાન સંજોગોમાં મોંઘવારીના વિષચક્રમાંથી દેશની પ્રજાનો છુટકારો થશે કે નહીં ?

જો ૨૦૧૯ ની ચૂંટણી પહેલાં કેન્દ્ર સરકાર **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ડીઝલના ભાવ વધારાથી તેની સીધી અસર કૃષિ ક્ષેત્રમાં થયા વિના રહેશે નહીં**

# જીવ ન્યોછાવર કરીને તારખીજુએ તેની બહેન પણીઓના જીવ બચાવ્યા

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

દેશના ઉત્તર-પૂર્વના રાજ્યોમાં પરોઢનાં ઉજાસવાળા પર્વતોની ભૂમિ તરીકે જાણીતું અરૂણાચલ પ્રદેશ પ્રકૃત્તિ પ્રેમીઓનું સ્વપ્ન અભિભૂત કરે તેવા વિવિધ જાતના સુંદર ફુલો અને વન્ય પ્રાણીઓથી સુશોભિત બારેમાસ લીલા રહેતાં જંગલો, ઝરણાઓ, કોતરો અને હિમાચ્છાદિત ટેકરીઓ ધરાવતું રાજ્ય છે.

આ અરૂણાચલ પ્રદેશની મોહક રાજધાનીનું નામ ઈટાનગર ત્યાં આવેલ ૧૪-૧૫ મી સદીના ઈટાફોર્ટ પરથી પડ્યું હોવાનું કહેવાય છે અને તે માયાપુર તરીકે પણ ઓળખાય છે તે હકીકતમાં બે જોડીયા નગરોનું બનેલું છે. જુનુ નાદર નગર અને નવું ઈટાનગર તેનાથી બને છે આ રાજનગર, અહીં રાજ્યપાલનું સત્તાવાર નિવાસસ્થાન એવું રાજભવન લાકડાનાં માળખાની અનોખી ઈમારત છે જે હરીયાળી ટેકરીઓ પર ઉંચે આવેલ છે અહીં ૧૯ મે ૨૦૧૬ ના દિવસે બપોરના સમયે બનેલ બનાવની આ વાત છે.

તારખીજુ નામે આઠ વર્ષની એક છોકરી તેના ઘેર બેઠી હતી. તે વખતે તેની બે બહેનપણીઓ આવી.

‘તારખીજુ..તારખીજુ શું કરે છે ?’

‘નિશાળનું હોમવર્ક બાકી હતું તે પુરૂ કરું છું.’ તારખીજુએ કહ્યું.

‘અરે ! મુકને મારીબેન એ તો બધું થશે ચાલ અમારી સાથે બહુ મજા પડશે.’

‘પણ ક્યાં ? ’

‘નદી પાર ફાર્મહાઉસ છે ત્યાં અમે જઈએ છીએ ’ એક સહેલીએ કહ્યું.‘પણ, મારાં મમ્મી પપ્પા ઘેર નથી માટે તેમને પુછવું તો પડે ને ’ તારખીજુએ કહ્યું.

‘એમાં શુ પુછવાનું એ બન્ને આવે તે પહેલાં તો આપણે પાછા પણ આવી જઈશું.’ બીજી બહેનપણીએ કહ્યું.

‘ચાલ.. ચાલ.. બહુ મજા આવશે.’

બન્ને બહેનપણીઓએ ખુબ આગ્રહ કર્યો એટલે તારખીજુ તેમની સાથે જવા તૈયાર થઈ. તેણે તેના પુસ્તકો કબાટમાં મુક્યાં અને ઘરને વાસી દીધું.

બપોરનો સમય હતો છતાં વાદળછાયું વાતાવરણ અને પવન ફુંકાતો હોઈ ઠંડક હતી. ત્રણે બહેનપણીઓ વાતો કરતી કરતી ફાર્મ હાઉસ તરફ જવા લાગી. રસ્તાના બન્ને બાજુ વનરાજી છવાયેલ હતા. પંખીઓનો કલરવ સંભળાતો હતો. મજાક મસ્તી કરતી ત્રણે બહેનપણીઓ નદી કિનારે આવી ગઈ. નદીની સામે કિનારે ફાર્મ હાઉસ હતું. ખળખળ વહેતા પહાડી નદીનો પ્રવાહ તેજ હતો. પણ આ ત્રણે બહેનપણીઓ અવાર નવાર નદી પાર કરીને જતી તેથી તેમને કોઈ બીક ન હતી.

બન્ને બહેનપણીઓ તો નદીના પ્રવાહમાં કુદી પડી અને તરતી તરતી આગળ વધવા લાગી. તારખીજુ કંઈક વિચાર કરતી હતી.

‘તરખીજુ કેમ ઉભી છે ચાલ’ એક બહેનપણીએ કહ્યું. ‘એ તો સાવ ડરપોક છે હમણાં કહેશે ત્યાં પાણી ઉંડું છે પેલી બાજુથી હું આવું છું’ બીજી બહેનપણીએ મજાક કરી.

‘તમે બન્ને એ તરફ ના જતાં જરા ડાબી બાજુ તરફથી ચાલો, તારખીજુએ કહ્યું ’

તારે જ્યાંથી આવવું હોય ત્યાંથી આવ અમે તો આ તરફ જ જઈએ છીએ. સામે જ ફાર્મહાઉસ છે. એક બહેનપણી બોલી.

તારખીજુને ખબર હતી કે ડાબી બાજુ થોડે દુર છીછરું પાણી છે ત્યાંથી જવાનું ખુબ આસાન છે તેથી એ બાજુ તે ચાલવા લાગી.

તે નદીના કિનારે કિનારે ચાલતી હતી. ત્યાં અચાનક બન્ને બહેનપણીઓનો અવાજ તેને સંભળાયો.

‘તારખીજુ...તારખીજુ.. બચાવ ’ તેણે જોયુ તો બન્ને બહેનપણીઓ નદીના જોરદાર પ્રવાહમાં તણાતી હતી. તેણે પળભર વિચાર્યું મે તો ના પાડેલી પણ બન્નેમાંથી એક પણ માનવા તૈયાર ન નહોતીને...

બચાવ... બચાવ...ની બુમ ફરીથી સંભળાતાં તારખીજુનો જીવ ઝાલ્યો રહ્યો નહી. જો કે તેની બહેનપણીઓની માફક જ તેને પોતાને પણ તરતાં બરાબર આવડતું ન હતું. છતાં તે નદીના તેજ પ્રવાહમાં કુદી પડી.

બન્ને બહેનપણીઓ ડુબી રહી હતી અને જીવ બચાવવા ઝાવાં મારતી હતી.

તારખીજુ નજીક રહેતી એક બહેનપણી પાસે પહોંચી. તેના વાળ પકડી ખેંચીને કિનારે લઈ આવી તે અર્ધ બેભાન થઈ ગઈ હતી.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ડીસા...

પાના નં.૧ ચાલુ

દરેક વર્ગમાં ખુશાલી વ્યાપી ગઈ છે.

ડીસા તાલુકાના વડાવળ, કુંપટ, માલગઢ, ઢેઢાલ, સણથ સહિતના અનેક ગામોમાં શુક્રવારની રાત્રે ધોધમાર વરસાદ થવા પામ્યો હતો. જેથી ખેડુત વર્ગને ચોમાસુ વાવણી માટેનો વાવણીલાયક વરસાદ થઈ જતાં આગામી સમયમાં જમીન વરાય લેશે તેમ ચોમાસુ વાવણીની શરૂઆત કરવામાં આવશે તેમ ખેડુતો પાસેથી જાણવા મળી રહ્યું છે.

ડીસા પંથકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ થયાનુ હવામાન વિભાગમાં નોંધાયુ છે ત્યારે આગામી સમયમાં પણ છુટો છવાયો વરસાદ ચાલુ રહેવાની શક્યતાઓ રહેલી છે. પરંતુ હજુએ અનેક સ્થળો પર માત્ર વરસાદી છાંટાઓ પડ્યાના પણ અહેવાલો મળી રહ્યા છે. જેથી તે વિસ્તારોમાં ખેડુતો વરસાદની આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યા છે.

## દાંતામાં...

પાના નં.૧ ચાલુ

મેઘસવારીનું આગમન થયું હતું.જોકે ડીસા ખાતે માત્ર અડધો કલાક સુધી વ્હાલ વરસાવ્યા બાદ વરસાદ બંધ થઈ જતા ધોધમાર વરસાદની લોકોની આશા અધૂરી જ રહી હતી.શુક્રવારે બનાસકાંઠાના દાંતા ખાતે સૌથી વધુ ચાર ઈંચ જ્યારે પાલનપુરમાં સવા બે, અમીરગઢ, ડીસા અને ભાભરમાં દોઢ તેમજ અન્ય વિસ્તારોમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.જોકે વાવ અને સુઈગામ વિસ્તાર શુક્રવારે વરસાદથી વંચિત રહ્યા છે.પાલનપુર ખાતે કાર્યરત જિલ્લા પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આજે શનિવારે સવારે ૭ વાગ્યે પુરા થયેલા ૨૪ કલાક દરમ્યાન બનાસકાંઠાના અમીરગઢ ખાતે ૪૦ મિલિમિટર, ભાભર ખાતે ૩૫ મિલિમિટર, દાંતા ખાતે સૌથી વધુ ૯૬ મિલિમિટર, દાંતીવાડા ખાતે ૨૨ મિલિમિટર, ધાનેરા ખાતે ૦૩ મિલિમિટર, દિયોદર ખાતે ૨૦ મિલિમિટર, ડીસા ખાતે ૩૪ મિલિમિટર, કાંકરેજમાં ૦૮ મિલિમિટર, પાલનપુરમાં ૫૪ મિલિમિટર, થરાદ ખાતે ૦૨ મિલિમિટર, વડગામ ખાતે ૦૪ મિલિમિટર તેમજ લાખણી ખાતે ૧૩ મિલિમિટર વરસાદ નોંધાયો છે.

## રાજસ્થાનના ...

પાના નં.૧ ચાલુ

માટે મોકલી આપ્યા હતા પોલીસ દ્વારા આગળ ની કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી

જયારે બીજો અકસ્માત સિરોહી બાયપાસ હાઈવે પર બનેલી ટનલ પર બન્યો હતો ,ટનલ ના નીચે થી પડેલા મલબા થી ત્યાં કામગીરી કરી રહેલા મજુર આ કાટમાળ નીચે દબાતા ૪ મજૂરો ના ઘટના સ્થળે મોત થયા હતા ,વરસાદ ના સમય મા ચાલી રહેલા મેંટનેન્સ કામગીરી માં આ ગંભીર ઘટના બની હતી ,અકસ્માત મા એલ એન્ડ કંપની ની ગંભીર બેદરકારી સામે આવી હતી આ ઘટના થી લોકો મા ભારે રોષ જોવા મળ્યો હતો ,મૃતકો ની લાશ ને સિરોહી સિવિલ ખાતે પીએમ ખાતે ખસેડવામાં આવ્યા હતા ઘટના ને લઇ રાજસ્થાન સરકાર ના મંત્રી ઓટારામ દેવાસી ,પૂર્વ એમએલએ સંયમ લોઢા અને અધિકારી ગણ આવી મૃતકો ના પરીવાર ને આશ્વાસન આપ્યુ હતુ અને એલએનટી કંપની વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવાનું પોલીસ ને સૂચન કર્યું હતું

## પાલનપુરનો ...

પાના નં.૧ ચાલુ

કિસ્સો બહાર આવવા પામ્યો છે. આ અંગેની વિગતો એવી છે કે, પાલનપુર તાલુકાના ચંડીસર ગામે રહેતા મોતીજી વાઘાજી ઠાકોરે તેમની સર્વે નં. ૮૩ની સાડા નવ વિધા જમીન વર્ષો અગાઉ વર્તમાન સમયે પાલનપુર ખાતે રહેતા અને મુળ ભાભરના વસંતલાલ નાનાલાલ ઠક્કરને ભાગથી વાવવા માટે આપી હતી. જોકે, સોનાની લગડી જેવી જમીન ઉપર વેપારીએ જીવ બગાડ્યો હતો. અને પોતે ખેડૂત ન હોવા છતાં ખોટુ રેકર્ડ ઉભુ કરી ખેડૂત બની ગયા હતા. દરમિયાન જમીનના મુળ માલિક મોતીજી ઠાકોરનું મૃત્યુ થતાં તેમના પરિવારના સીધીલીટીના વારસદારો ધર્માજી મોતીજી ઠાકોર, પ્રતાપજી મોતીજી ઠાકોર અને જીવીબેન મોતીજી ઠાકોરના નામની નોંધ પડી હતી. જોકે, મૃતકની પુત્રી તારાબેન પણ સીધીલીટીના વારસદાર હોઈ જમીનમાં ભાગ માંગવા માટે કલેકટરમાં અપીલ કરી હતી. જેની તપાસમાં વસંતલાલ નાનાલાલ ઠક્કર ખોટા રેકર્ડના આધારે ખેડૂત બનેલા હોવાનું બહાર આવ્યું છે. તારાબહેને કરેલી અપીલમાં જિલ્લા કલેકટરે ગુજરનાર કબજેદારના સીધીલીટીના કાયદેસરના તમામ વારસોની કાયદા, નિયામાનુસાર વારસાઈ નોંધ કરવા પાલનપુર મામલતદારને સૂચના આપવામાં આવી છે.

## પાલનપુરના...

પાના નં.૧ ચાલુ

આ વિવાદ સર્જાયો હોવાના આક્ષેપો સાથે રહીશોએ પાલિકા તંત્ર પર ભ્રષ્ટાચારના પણ આક્ષેપ કર્યા હતા. આ દબાણ તૂટે તો ૪ પરિવાર બેઘર થવાની ભીતિ સેવતા લોકોનો રોષ જોઈ પોલીસ અને મામલતદાર મુક પ્રેક્ષક બન્યા હતા. અને અંતે દબાણ દૂર કરવા આવેલી ટીમને વીલા મોઢે પરત ફરી હતી.

## થરા આર્ટસ એન્ડ ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

પ્રો.ડો. કે.જે. જોષી, પ્રો.ડો. કુ.વી.જે.ઠક્કર, પ્રો.એલ.કે. વણકર, પ્રો.ડો.એમ. એમ.જોષી, પ્રો.એચ. એચ.સેંધવ, પ્રો.આર. ટી.રાજપુત, પ્રો.કે.એલ. રબારી, પ્રો.ડો.શ્રીમતી એમ.વી. શાહ, પ્રો.શ્રીમતી એસ.એમ. પંડયા, પ્રો.શ્રીમતી એન.એલ. ઠક્કર, ગ્રંથપાલ એચ.એન. પરમાર, કચેરી અધિક્ષક આઈ.જી.વાઘેલા, હિસાબ નીશ અલ્પેશ સી.શેઠ, રુપેશ શાહ, હિતેશ જોષી, પટાવાળા એ.એમ. કુણધેરીયા,ગાંડાજી ઠાકોર, પુજાજી ઠાકોર, એમ.એન. રાણા વગેરે સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

## થરાદમાં...

પાના નં.૩ ચાલુ

જાગતાં રાત વિતાવવી પડી હોઈ તેમનામાં ભારે રોષની લાગણી પણ ફેલાવા પામી હતી.આ અકસ્માત સર્જનાર જીપ બીએસએનલ વિભાગની હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું.

## મેડીકલ કોલેજ...

અનુસંધાન ૮ નુ ચાલુ..

તેમણે કહ્યું કે મને સોંપાયેલ જવાબદારી મેં હમેશાં સૌના સાથ અને સહયોગથી કાળજીપૂર્વક નિભાવી છે. તેમણે કહ્યું કે સરકારશ્રીના સક્રિય પ્રયાસોને લીધે રાજયમાં ચોમેર વિકાસ પથરાયો છે. તેમણે કહ્યું કે પાલનપુર ખાતે મેડીકલ કોલેજને લીધે લોકોને સારી તબીબી સુવિધાઓ મળશે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના પશુપાલકોએ વૈશ્વિક સ્તીરે બનાસકાંઠા જીલ્લાનું નામ રોશન કર્યુ છે. પૂર્વમંત્રીએ જણાવ્યું કે બનાસ ડેરી દ્વારા મહિને ૫૫૦ થી ૬૦૦ કરોડ રૂ. જીલ્લા ની બહેનોને દૂધના ચુકવવામાં આવે છે. તેમણે નિર્ધાર વ્યીક્ત કર્યો કે બનાસ ડેરીને વૈશ્વિક સ્ત્રે ગૌરવભર્યુ સ્થાન મળે અને જીલ્લાના દૂધ ઉત્પાદકોની આવકમાં નોંધપાત્ર વધારો થાય તે માટે સંગીન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે ચાણકય ચિંતન મંચ-બનાસકાંઠાના પ્રધાન સંયોજક સ્વામી આનંદ રાજેન્દ્ર, બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, પૂર્વમંત્રી કેશાજી ચૌહાણ, બનાસ બેંકના ચેરમેન એમ. એલ. ચૌધરી, નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર, અગ્રણીઓ હરેશભાઈ ચૌધરી, હરેશભાઈ જાની, ડો. ઉમાકાન્ત પંડયા, સ્વૈરચછીક સંસ્થારઓના હોદેદારઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં ...

પાના નં.૮ ચાલુ

બંને શખ્સોએ તેઓને બીભત્સ ગાળો બોલી હવે જો આગળ ઢોલ વગડવા બાબતે ઠપકો અપાવશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી જતા રહ્યા હતા. જેથી વાલ્મીકી મહિલાએ ગામના બે શખ્સો વિરુદ્ધ ડીસા કોર્ટના બીજા એડિશનલ સિવિલ જજ કોર્ટના હુકમના પગલે ડીસા દક્ષિણ પોલીસ મથકે ધોરણસર ફરિયાદ નોંધાવી હતી.

## રાધનપુર...

પાના નં.૮ ચાલુ

શહેરના તમામ વિસ્તારોમાં આજે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉદ્ભવવા પામી છે.શહેરની વસ્તીના પ્રમાણમાં રોજનું ૪૦ લાખ લીટર પાણી જોઈએ, જેની સામે પાણીપુરવઠા વિભાગ દ્વારા દરરોજ ૧૮ થી ૨૨ લાખ લીટર પાણી આપવામાં આવે છે,જયારે પાલિકાના પાંચ બોર દ્વારા અન્ય જરૂરિયાત પુરી કરવામાં આવે છે,જો કે નગરપાલિકાનો અરગુસર બોર ફેઈલ થતા પાણીની ગંભીર સમસ્યા ઉભી થવા પામી હતી,પરંતુ પાણીપુરવઠા વિભાગ દ્વારા ઝમઝમ પાસે નવો બોર બનાવી આપતા પાણીની સમસ્યા હળવી બની હતી,પરંતુ નર્મદા કેનાલનું કામકાજ કરવાનું હોવાથી પાણી બંધ કરતા ફરીથી પાણીની સમસ્યા વિકટ બની જવા પામી છે,પાણીપુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક નર્મદા કેનાલનું પાણી ચાલુ કરવું જોઈએ તેવો સુર ઉઠી રહ્યો છે.કારણકે શહેરના જેટલા બોરમાંથી પાણી આવે છે તે ૨૪૦૦ થી ૨૫૦૦ ટી.ડી.એસ.નું પાણી હોય છે,જે પીવાને લાયક બિલકુલ નથી,તેવું સરકારી લેબમાં પણ સાબિત થયું છે,જેથી પાણીપુરવઠા વિભાગ દ્વારા અપાતા પાણીને મિક્સ કરીને લોકોને આપવામાં આવે છે. ટેન્કરો દ્વારા પાણી પૂરું પડાય છે.

## પાલનપુર...

પાના નં.૮ ચાલુ

વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. પાલનપુર શહેરમાં દિવસભર સમયાંતરે વરસાદી ઝાપટાં પડતાં કિર્તિસ્તંભ, સીટીલાઈટ રોડ, દિલ્હીગેટથી બ્રિજેશ્વર રોડ ઉપર પાણી ભરાઈ જવા પામ્યા હતા. દરમિયાન નગરપાલિકાની બેદરકારીના કારણે કિર્તિસ્તંભ નજીક ખુલ્લી ગટરમાં એક જીપનું ટાયર ખુંપી જતાં વાહન ચાલક અને મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. મહામહેનતે જીપને બહાર કાઢવામાં આવી હતી.

### સરકારના નિર્ણયથી નિવૃત્ત પેન્શનરોને મોટી રાહત

# અમૃતમ્ યોજનાનો લાભ હવે પેન્શનરને પણ મળવાપાત્ર

અમદાવાદ

રાજ્યભરમાં અમલી મુખ્યમંત્રી અમૃતમ યોજના અને ‘મા વાત્સલ્ય’ યોજનાનો વ્યાપ વધારીને તેના લાભની મર્યાદામાં વધારો કરાયો છે. સરકારના નવા માર્ગદર્શન મુજબ આ બંને યોજનાઓનો લાભ રાજ્યના તમામ પેન્શનર્સ મેળવી શકશે તેવો આદેશ તમામ મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ જરૂરી તમામ વિભાગને તુરત અમલ થાય તે રીતે મોકલી આપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણયના કારણે રાજ્યના નિવૃત્ત પેન્શનરોને મોટી રાહત થઈ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલી આ બંને યોજનામાં ગંભીર બીમારીની સારવાર જેવી કે હૃદય, કિડની, મગજને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર તેમજ નવજાત શિશુને લગતા રોગોનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ અમૃતમ યોજનાનું સ્માર્ટકાર્ડ ધરાવતા એક કુટુંબના સભ્યોને માંદગીમાં રૂ.૨ લાખ સુધીની કેશલેશ સારવાર આપવામાં આવે છે.

# અનિલ કપુરે ફિલ્મ જગતમાં ૩૫ વર્ષ પૂર્ણ કર્યા :અહેવાલ

અનિલ કપુરે બોલિવુડમાં સફળતાપૂર્વક ૩૫ વર્ષ પૂર્ણ કરી લીધા છે. અનિલ કપુરે બોલિવુડમાં અનેક પ્રકારની ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી છે. તે સુપરસ્ટાર તરીકે રહ્યો છે. આટલા વર્ષોના ગાળા બાદ પણ તે લોકોમાં લોકપ્રિય છે. હાલમાં રજૂ કરવામાં આવેલી રેસ-૩ ફિલ્મમાં તે જોરદાર રોલ કરી ગયો છે. ફિલ્મમાં તે મુખ્ય વિલનના રોલમાં હતો. ફિલ્મ સમગ્ર વિશ્વમાં ૨૭૦ કરોડથી વધારેની કમાણી કરી ચુકી છે. અનિલ કપુરે ૨૩મી જુનના દિવસે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ૩૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધા છે. ટ્વીટ કરીને અનિલ કપુરે સિનેમામાં પોતાના સ્વર્ણિમ સફરની યાદ તાજી કરી છે. અનિલ કપુર હાલમાં રજૂ કરવામાં આવેલી રેસ-૩ ફિલ્મને લઈને ખુબ ખુશ છે. કારણ કે ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે.અનિલ કપુરે ટ્વીટર પર લખ્યુ છે કે ૩૫ વર્ષના ગાળા દરમિયાન અનેક યાદગાર ભૂમિકાની યાદ તાજી થઈ છે. આગળ વધવાના અનેક મૌકા મળ્યા હતા. અનિલ કપુર કહે છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ કરતા પહેલાની તેની લાઈફ અંગે તેને યાદ નથી. કારણકે તે સિલ્વર સ્ક્રીન પર જ જીવવાની શરૂઆત કરી હતી. પોતાના સપનાના પૂર્ણ કરવા બદલ ખુશ હોવાની વાત કરી હતી. અનિલ કપુરે પોતાની ૩૫ વર્ષની ફિલ્મી કેરિયરમાં અનેક યાદગાર ફિલ્મો કરી છે. જેમાં વો સાત દિન, મશાલ, મેરી જંગથી લઈને રામ લખન, બેટા, દિવાના મસ્તાના, નાયક, સ્લમડોગ મિલિયોનેર અને રેસ-૩ ફિલ્મનો સમાવેશ થાય છે. વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો આવનાર દિવસોમાં તે એશ્વર્યા રાય બચ્ચનની સાથે ફન્ને ખાન ફિલ્મમાં નજરે પડશે. આ ઉપરાંત તે ટોટલ ધમાલ તેમજ એક લડકી કો દેખા તો એસા લગા નામની ફિલ્મમાં કામ કરી રહ્યો છે. અનિલ કપુર હજુ પણ સૌથી લોકપ્રિય સ્ટાર પૈકીના એક તરીકે રહ્યો છે. અનેક મોટી ફિલ્મ તેના હાથમાં હોવાથી ખુબ વ્યસ્ત સ્ટાર તરીકે છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

નામ :પર્વ માતાઃ સુધાબેન પિતા :કનુભાઈ સોલંકી
જ.તા.: ૧-૦૭-૨૦૧૭ વર્ષ :૧ મુ.પાલનપુર

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ..............ઉ.વ.
પરિચયઃ ......................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ..............................................

## કંઈક નરમ ગરમ

### અનુસંધાન પાના નં.૫ નું ચાલું

કે સુધરાઈના અધિકારીઓમાં ભફાંગ કરતાંક પડયા નથી એ નક્કી.. બાકી અમદાવાદના ખાડા.. રસ્તાની મોટી ગરબડ જેવામાં હમણાં બે જણા ચાલુ વાહને ખાડામાં પડી ગયા હતા. એમાં એમનું શું થયું એ તો રામ જાણે પણ એમનું વાહન નવું થઈ ગયું હતું. શહેરના. .ગામના આ પુકાના ખાડાને ગરબડ જેવા નહીં કહો તો તમે બીજું શું કહેશો, માનશો ?ઉનાળાની કાળઝાળ ગરમી ટાણે પંખામાં ગરબડ સારો કોઈ કાર્યક્રમ જોવાનો હોય અને ટીવીમાં ઉભી થયેલી ગરબડ પત્ની કે તમે જેને છાનામાના ચાહો છો એને બોલાવ્યા હોય એ ટાણે અર્થાત નીકળવાના સમયે જ ગરબડ. બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા ગયા અને તમારા પૈસા તમને મશીનમાંથી મળે એ પૂર્વે મશીનમાં કાર્ડ ભરાઈ જતાં આમે આવેલી ગરબડ સાળાએ તમારી પાસેથી ઉછીના પૈસા નીર્ધારીત સમયે પાછા ન આપતાં માથે પટકાયેલી ગરબડ, ચૂંટણીમાં અમે જ જીતવાના.. જોજો અમોને પ્રચંડ બહુમતી મળવાની.. અમારો પક્ષ સરકાર રચવાનો.. ને પરિણામ આવતાં જ વેંત નહીં માઈલ છેટું રહી જતાં.. આ કોણે કરી ભૈ ગરબડ..

આવી તો કંઈ કેટલીયે ગરબડો આપણી આસપાસ ચોપાસ મંડરાતી હોય છે .તમે જેની અપેક્ષા સો ટકા રાખતા હતા કે એકસવાય ઝેડ મને ગુલાબ આપે પણ એ એકસવાય ઝેડ એ કોઈ બીજા એબીસીને ગુલાબ આપી ગાંઠ વાળી દીધી પછી જે તમારા માટે ગરબડ થઈ એના શબ્દો.. શબ્દકોશમાં નથી.. હા સલાહ છે ઝાઝી ગરબડ થાયે એ પહેલાં અબક જોડે જોડાઈ જાવ ને ગરબડ ઓછી કરો.દેશમાં ગરબડ કયાં નથી ?

પેટમાંથી શરૂ થયેલી આ ગરબડ પડોશમાં છે. પર્યાવરણમાં છે.. પોલીસ તંત્રમાં છે.. પોલીટીકસમાં છે. અરે પ્રજાના રખેવાળ એવા પરમ પિતા પરમેશ્વરમાં છે. પતિ કે પત્નીમાં ગરબડ તો ઘણી જ છે.જો કે મેં એને પરિવારનું નામ આપ્યું છે મેં વળી કહ્યું કે, પ્રભુમાં ગરબડ છે તો મારી તમારી પૂજાવિધિમાંય ગરબડ છે. જેથી જ પ્રભુ પીઠ ફેરવીને ઉભા છે..અધર્મના નાશ દુષ્ટોના સંહાર માટે આવું છું.. પ્રભુની વાતમાંય ગરબડ લાગે છે..

મારા, તમારા કે આપણા સૌના પેટમાં ઉભી થયેલી અને એમાંથી બહાર નીકળેલી એ ગરબડ કદાચ જુદી હશે તો ભલે પણ રસ્તે જતી મહીલાની છેડતી પછી બે જુથોની વચ્ચે જે ગરબડ થાય છે એ નોંધવું રહ્યું. સાઈકલ ભુલથી અથડાઈ જાય પછી ઘરમાંથી કોઈને મારવા ઘેરથી લઈ આવેલી પાઈપ પાઈપો એની ગરબડીથી માત્ર પોલીસ તંત્ર જ નહીં શહેર આખુંય સ્તબ્ધ થઈ જાય છે. લોકોના ધંધા રોજગાર છીનવાઈ જાય છે એ ગરબડતો બધીય ગરબડથી ટોચે રહે છે. પાડોશી દેશ સાથે આપણે શાંતિની ઈચ્છાઓ રાખીએ અને એ જ આપણને નુકશાન કરવા એમના માણસો મોકલે.. અહીં ગરબડ ઉભી થાય ત્યારે આપણે શાંતિના ભજનો ગાઈએ એ શા કામનાં ??.

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

આની પાછળ એ લોકોની માન્યતા એવી છે કે આનાથી વરસાદ વરસશે અને પૃથ્વી તરસી નહીં રહે.

આજે પણ પૃથ્વી પરનો માનવી વર્ષાઋતુમાં વરસાદની રાહ જોતો જોવા મળે છે. વરસાદને લાવવાને માટે અનેક યજ્ઞો, અનુષ્ઠાનો અને છેવટે અંધવિશ્વાસનો સહારો લઈને દેશી વિદેશી પરંપરાઓનો સહારો લે છે. આજે પૃથ્વી પર વરસાદ લાવવાનું એક માત્ર પરીબળ છે વૃક્ષો વનસ્પતિ, આજના યુગમાં આધુનીકરણ કરવાના પંથ પર માનવ વૃક્ષોનું નિકંદન કરે છે. હજ્જારો લાખોની સંખ્યામાં વૃક્ષો કાપી નાખવામાં આવે છે અને જ્યારે વરસાદ નથી વરસતો ત્યારે અંધવિશ્વાસનો સહારો લે છે પરંતુ નવા વૃક્ષો વાવવાની વાત વિચારતો નથી. વરસાદ લાવવો હશે તો આપણે વૃક્ષો વાવવા જ પડશે. **કમલેશ કંસારા અમદાવાદ**

## એનું નામ છે જીવન

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

તારખીજુએ જોયું કે બીજી બહેનપણી પાણીના પ્રવાહમાં દુર નીકળી ગઈ છે તે હજુ તણાઈ રહી છે. તારખીજુએ ફરી છલાંગ લગાવી અને નદીના ધસમસતા પ્રવાહમાં આગળ વધતી બીજી બહેનપણીની પાસે પહોંચી. જેમ તેમ કરી તેને કિનારા તરફ ખેંચવા લાગી. તે બીજી બહેનપણીને કિનારે તો લાવી આવી પણ તે દરમ્યાન તારખીજુ ખુબજ થાકી ગઈ હતી.

નદી કિનારે રમતાં બાળકો ત્યાં દોડી આવ્યાં તે વખતે તારખીજુ નદીના પ્રવાહમાં ડુબી રહી હતી. પણ થાક અને પાણી પી જવાને કારણે તે હોશ ગુમાવી ચુકી હતી તેથી પાણીના પ્રવાહમાં ખેંચાતી હોવા છતાં બુમ પણ પાડી શકી નહી.

નદીના કિનારે સુરક્ષિત પહોંચેલી બન્ને બહેનપણીઓ સહેજ ભાનમાં આવતાં તારખીજુ ક્યાં છે એમ પુછવા લાગી. ત્યારે ભેગાં થયેલાં સ્થાનિક લોકોને ખબર પડી કે એક છોકરી તણાઈ ગઈ છે. ત્યાં રમતાં છોકરાઓએ તારખીજુને ઘેર આ વાતની જાણ કરી તારખીજુના માતા પિતા પણ દોડતાં નદી કિનારે આવ્યાં. બધાં ભેગાં મળી તારખીજુને શોધવા લાગ્યાં. પણ તારખીજુનો ક્યાંય પત્તો લાગતો ન હતો. છેવટે ઘણાં કલાકોની મહેનત બાદ તારખીજુ મળી આવી. તેનો શ્વાસ થોડો થોડો ચાલતો હતો. તેને નજીકના હોસ્પિટલે લઈ જવામાં આવી પણ ત્યાં પહોંચતા સુધી તારખીજુ બચી શકી નહી ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી.

તારખીજુએ પોતાની બહેનપણીઓના જીવ બચાવવા જતાં પોતાના પ્રાણની આહુતિ આપી.

અરૂણાચલ પ્રદેશના ઈટાનગરથી નીકળતા સ્થાનિક અખબારોમાં તારખીજુની બહાદુરી અને જાન ન્યોચ્છાવર કરવાની તેની સાહસગાથા રજુ થતા સૌ કોઈ તારખીજુના બલિદાનની પ્રસંસા કરવા લાગ્યાં. તેનાં માતા પિતાની આંખમાંથી આંસુ સુકાતાં ન હતાં. પરંતુ છતાં તેમને એ વાતનો ગર્વ પણ હતો કે તેમની દિકરીએ બે બહેનપણીઓના જીવ બચાવ્યા. રાષ્ટ્રીય બાળ કલ્યાણ સંઘની નવી દિલ્હીની કચેરીને તેની જાણ થતાં તારખીજુંનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કારમાં સર્વોચ્ચ એવા ‘ભારત’ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યું.

૨૩, જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ તારખીજુને મરણોપરાંત આપવામાં આવેલા આ સન્માનનો સ્વીકાર કરવા તેના માતા પિતા દિલ્હી આવ્યાં હતાં.બહાદુર દિકરી તારખીજુનું સન્માન તેની તસ્વીરને પુષ્પો ચડાવી કરવામાં આવ્યું ત્યારે સન્માન પ્રદાન કરનાર વડાપ્રધાન નરેન્દ્રમોદી પણ ભાવુક થઈ ગયા હતા. **નટવર હેડાઉ ‘વનવિહારી’**

## દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

કોઈ ચમત્કારીક પગલાં ભરી મોંઘવારીમાં ઘટાડો દર્શાવે તો સરકારને કોઈપણ પ્રકારની આંચ આવશે નહીં. કેમ કે મોંઘવારીનો દર ૫.૨૧ ટકા સુધી પહોંચી ગયો છે. સરકારે આ બાબતે આત્મમંથન કર્યા સિવાય છુટકો નથી.

જોકે દેશમાં વિપક્ષોની એકતા વધી રહેવા પામી છે. જે કયારેય એક સાથે ન બેસતા પક્ષોના નેતાઓ વર્તમાન સંજોગોમાં સાથે બેસીને નાસ્તાપાણી કરી રહ્યા છે અને અખિલેશ યાદવ, માયાવતી, મમતા બેનર્જી અને સોનીયા ગાંધી ૨૦૧૯ ની ચૂંટણી માટે એક જુથ થઈ ચુકયા છે એટલે કે ભાજપ માટે ૨૦૧૯ ની ચૂંટણીનો જંગ ખેલવો ભારે પડે તેવું લાગે છે.

કેમ કે વડાપ્રધાને જે ‘અચ્છે દિન’ નું વકતવ્ય દેશજનો સમક્ષ દર્શાવ્યું હતું તેમાંનું કંઈ જ થયું નથી. અચ્છે દિનની આશામાં દેશજનોએ ઘરનું બધું ગુમાવ્યું છે. આ સમસ્યા ગંભીર હોવા છતાં સરકાર ગંભીર નથી. સરકારને તો વિદેશની હવા માફક આવી ગઈ છે પરંતુ ૨૦૧૯ ની ચૂંટણીમાં કોઈ વિદેશી નેતાઓ સરકારને મદદરૂપ નિવડી શકશે નહીં. મોટી મોટી ગુલબાંગોથી દેશની જનતાનું હિત જાળવી શકાશે નહીં. સમસ્યાને અનુરૂપ વ્યક્તિએ પોતાનામાં પરીવર્તન લાવવું જોઈએ. વડાપ્રધાન મોદીની નીતીઓથી દેશની જનતાને સંતુષ્ટ નથી એ વાત ચોક્કસ છે. પ્રયાસો અને પ્રયત્નો કરવામાં જ ચાર વર્ષના વાણા વીતી ગયા. દેશની જનતાએ જોયેલા સપના હવામાં ઓગળી ગયા હોવાનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૭૦૦-૪૦૨૦૦**
રૂપુ કાચું ૩૯૭૦૦-૪૦૨૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૧૬૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૧૦
સોયા રીફાઈન ૧૪૦૦
રાયડાતેલ ૧૫કી.૧૪૬૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૭૦**
તિરૂપતી કપા. ૧૩૭૦
૫ લીટર ૪૪૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૩૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૮૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૧૦૦૦
મરચાં ૫૦૦-૭૦૦
લીબુ ૫૦૦-૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૬૦૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૧૪૦૦-૨૦૦૦
ટીંડસા ૮૦૦-૧૦૦૦
ગવાર ૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૪૪૦-૪૮૦
**સાંગા બટાકા ૨૪૦-૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૧૫૦૦**

# ચાણસ્મા હાઈવે પર પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી

પાટણ

પાટણ શહેરમાં ચાણસ્મા હાઈવે ઉપર આવેલ ગોપી પાર્ટી પ્લોટની સામે પારૂબાઈના મંદિર પાસે બળીયા પાડાના રહીશ મનોરભાઈ કુબેરભાઈ પટેલ હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ (જીજે ૨૪ આર ૫૭૦૩) પાર્ક કર્યું હતું અને તેઓ ખેતરમાં ગયા હતા જયારે કોઈ અજાણ્યો શખ્સ સાંજના સુમારે બાઈક ચોરી કરી ગયો હતો. જે અંગે પાટણ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ પીએસઆઇ એ એ સુમરા ચલાવી રહ્યા છે.

# સાબરકાંઠા બૅન્કની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા ફોર્મ ભરવા ઘસારો

હિંમતનગર

સાબરકાંઠા બૅન્કની ૧૮ જૂનથી બેઠકોની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા સરકારી રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

જાણવા મળતી વિગત અનુસાર સાબરકાંઠા બૅન્કની ૧૮ જૂથની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ થતાં ઉમેદવારી રજૂ કરવાના અંતિમ દિવસ ગત મંગળવારે પ્રાંતિજ પ્રાંત કચેરીમાં ઉમેદવારોનો ઘસારો જોવા મળ્યો હતો.

૧૮ જૂથમાંથી ૧૮૮૦ જેટલા મતદારો મતદાન કરવાના છે. ત્યારે ૧૧૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૭ જુને કરવામાં આવી હતી.બે જુલાઈના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચાશે. સાબરકાંઠાને અરવલ્લી જિલ્લાની સહકારી બૅન્કની ચૂંટણી માટે મતદાન ૧૩ જુલાઈના રોજ થશે, મત ગણતરી ૧૫ જુલાઈના રોજ થશે.

# રાધનપુરમાં ચાર કરોડની અત્યાધુનિક રેફરલ હોસ્પિટલની હાલત કફોડી




રાધનપુર

રાધનપુર શહેરમાં સરહદી વિસ્તાર હોવાથી આખાય પંથકમાં ના હોય તેવી ચાર કરોડ રૂપિયાના ખર્ચે જે તે સમયે અત્યાધુનિક રેફરલ હોસ્પિટલ બનાવવામાં આવી હતી,પરંતુ આજે અવાર-નવાર આ અત્યાધુનિક રેફરલ હોસ્પિટલના મેઈન ગેટ આગળ જ વરસાદી હોય કે લીકેજ હોય તેના પાણી ભરાઈ જતા હોવાથી હાલત કફોડી બની જવા પામી છે.ગુરુવારે રાત્રે પડેલા દોઢ ઈંચ વરસાદના કારણે ફરી એકવાર ગેટ આગળ પાણી ભરાઈ જવા પામ્યા છે,જેના કારણે હોસ્પિટલમાં આવતા-જતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રેફરલના ગેટ આગળ અવાર-નવાર પાણી ભરાઈ જતા હોવા છતાંય સત્તાધીશોની આંખો ઉઘડતી નથી. પ્રાંત અધિકારી, મામલતદાર, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ અહીંથી નીકળતા હોવા છતાંય આ પાણી ના ભરાય તેવો કોઈ પ્રયાસ કરતુ નથી.રેફરલના ગેટ આગળ પાણી ના ભરાય તે માટે કાયમી ઉકેલ આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| **ડીસા** | | | **થરા** | |
| ઘઉં | ૩૩૫-૩૪૧ | | જીરૂ | ૨૫૮૦-૩૮૦૨ |
| બાજરી | ૨૩૨-૨૬૨ | | એરંડા | ૭૭૫-૮૦૮ |
| ગવાર | ૭૦૦-૭૨૮ | | રાયડો | ૭૧૦-૭૨૦ |
| રાજગરો | ૧૧૫૬-૧૧૭૦ | | ઘઉં | ૩૨૮-૩૬૦ |
| મગફળી | ૬૫૦-૮૧૭ | | બાજરી | ૨૨૫-૨૫૫ |
| એરંડા | ૭૮૫-૭૯૩ | | ગવાર | ૭૦૫-૭૩૫ |
| રાયડો | ૭૦૦-૭૧૬ | | જુવાર | ૬૨૫-૯૦૭ |
| **હળવદ** | | | **સિધ્ધપુર** | |
| જીરું.૩૦૦૧-૩૫૦૦ | | | રાયડો | ૬૮૫-૬૭૧ |
| તલ.૧૬૦૦-૧૯૦૧ | | | એરંડા | ૭૬૭-૮૦૫ |
| એરંડા.૭૨૦-૭૯૨ | | | ઘઉં | ૩૨૦-૩૮૦ |
| ગવાર.૭૦૦-૭૪૦ | | | જુવાર | ૫૪૦-૯૩૪ |
| ઘઉં.૩૨૧-૩૬૫ | | | બાજરી | ૨૨૦-૨૩૬ |
| ચણા.૫૫૦-૬૪૦ | | | **પાટણ** | |
| મગફળી.૬૦૦-૬૮૦ | | | જીરૂ | ૨૨૦૦-૩૪૨૫ |
| ધાણા.૬૦૦-૮૨૧ | | | વરીયાળી | ૧૨૫૦-૧૭૫૧ |
| **પાંથાવાડા** | | | મેથી | ૩૮૫-૫૩૫ |
| ઘઉં - | ૨૯૧/- | ૩૪૨/- | સુવા | ૮૯૬-૧૦૮૫ |
| બાજરી - | ૨૨૧/- | ૨૨૯/- | રાયડો | ૬૫૦-૭૪૩ |
| ગવાર. - | ૭૦૬/- | ૭૧૭/- | એરંડા | ૭૬૦-૮૧૪ |
| જીરૂ. | -૩૪૨૧/- | ૩૪૨૧/- | અજમો | ૧૦૬૧-૧૧૦૦ |
| રાયડો - | ૭૦૫/- | ૭૧૫/- | ઘઉં | ૩૩૫-૩૬૭ |
| એરંડા- | ૭૭૦/- | ૭૯૨/- | બાજરી | ૨૧૦-૨૪૩ |
| મગફળી - | ૬૮૦/- | ૮૧૬/- | રજકા બા. | ૩૮૦-૪૪૦ |
| **ધાનેરા** | | | ગવાર | ૬૬૦-૭૪૦ |
| ઘઉં | ૩૨૦-૩૪૮ | | જુવાર | ૫૭૬-૯૦૫ |
| બાજરી | ૨૩૩-૨૫૭ | | રજકો | ૧૪૦૦-૨૩૫૯ |
| જવ | ૩૧૫-૩૨૦ | | ચીકુડી | ૧૨૦૦-૧૩૮૫ |
| જુવાર | ૪૧૩-૬૧૦ | | બંટી | ૩૯૪ |
| ચોળા | ૧૨૫૩-૧૬૫૫ | | કુરી | ૫૭૨-૬૧૨ |
| ગવાર | ૭૦૧-૮૭૧ | | **થરાદ** | |
| મગફળી | ૫૫૦-૭૭૦ | | રાયડો | ૭૧૦-૭૩૨ |
| રાયડો | ૬૬૦-૭૧૮ | | એરંડા | ૭૭૦-૭૯૫ |
| એરંડા | ૭૬૦-૭૯૦ | | બાજરી | ૨૩૫-૨૬૫ |
| ઈસ | ૧૦૫૦-૧૫૧૯ | | ચિકુડી | ૧૨૦૦-૧૪૦૦ |
| રજકો | ૧૯૬૧-૨૨૫૨ | | ગવાર | ૬૯૨-૭૪૧ |
| બીજડાં | ૧૨૭૮ | | મેથી | ૫૦૫-૭૦૦ |
| સુવા | ૯૩૬-૧૦૪૦ | | વરીયાળી | ૧૧૦૦-૧૩૯૦ |
| જીરૂ | ૩૦૫૦-૩૪૦૦ | | જીરુ | ૨૩૫૦-૩૬૦૦ |
| વરી. | ૧૨૪૦-૧૩૩૧ | | અજમો | ૧૨૦૦-૧૮૫૦ |
| ઈસ. | ૧૦૨૧-૧૪૫૬ | | ઈસબગુલ-૧૨૦૦-૧૫૧૭ | |
| મેથી | ૬૦૧ | | રજકો-૨૦૦૦-૨૬૦૦ | |
| તલ | ૧૩૮૦-૧૪૪૫ | | **રાહ** | |
| રાજગરો | ૧૧૩૭ | | રાયડો | ૭૦૦-૭૧૫ |
| તારામીરા | ૮૦૪ | | એરંડા | ૭૭૦-૭૮૧ |
| ચીકુડી | ૧૨૭૨-૧૪૧૧ | | બાજરી | ૨૩૦-૨૪૫ |
| ૨.બાજરી | ૩૯૦-૪૩૫ | | ચિકુડી | ૧૩૦૦-૧૩૯૦ |

# ઈડર નજીક ટ્રાવેરા ગાડીમાંથી તેમજ અલ્ટો ગાડીમાંથી દેશી દારૂ ઝડપાયો




હિંમતનગર

સાબરકાંઠા પોલીસ અધિક્ષક સૌરભસિંઘે સાબરકાંઠા જીલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તી અટકાવવા તથા જીલ્લામાંથી થતી હરેફેરી અટકાવવા સુચના કરતાં વી.યુ.ગડરીયા ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર એલ.સી.બી. નાઓએ સ્ટાફને સુચના કરતાં સ્ટાફના માણસોએ પ્રોહી અંગે મુડેટી પાટીયા પાસે નાકાબંધી વોચ ગોઠવી, ઉદેપુરથી ભિલોડા થઇ ઇડર તબફ આવતી નંબર વગરની ટ્રાવેરા ગાડીમાં ગે.કા. ઈંગ્લીશ દારૂની બોટલ નંગ - ૮૧૬ કિ.રૂ. ૮૧,૬૦૦/- નો મુદ્દામાલ તથા

મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૧૦૦૦/- મળી કુલ કિ.રૂ.૩,૮૨,૬૦૦/- ના મુદ્દામાલ સાથે (૧) કિશનલાલ છગનલાલ તૈલી રહે.જસવંતપુરા (કાનોડ), તા.વલ્લભનગર, જી.ઉદેપુર રાજસ્થાન (૨) પ્રભુ ભેરાજી મીણા રહે.શેરા તા. જાડોલ, જી.ઉદેપુર રાજસ્થાન નાઓને તા.૨૬/૦૬/૨૦૧૮ ના કલાક.૨૧/૦૦ વાગે પકડી પાડી ઈડર થર્ડ ગુ.૨.નં. ૫૨૦૨/૧૮ પ્રોહી એક્ટ ક ૬૫એઇ, ૧૧૬ બી, ૯૮(૨), ૮૧, ૮૩ મુજબ ઈડર પો.સ્ટે. ખાતે ગુન્હો દાખલ કરાવેલ છે તથા તા. ૨૬/૦૬/૧૮ ના ક. ૧૯/૪૫ વાગે ગંભીરપુરા

ત્રણ રસ્તા ઉપર નાકાબંધી કરી અલ્ટો ગાડી નંબર જી જે ૧૮ એ એમ ૦૫૪૭ માં દેશી દારૂ લીટ ૩૭૫ કિ.રૂ. ૭૫૦૦/- નો મુદ્દામાલ મુકી નાસી જનાર અલ્ટો ગાડીના અજાણ્યા ચાલક વિરૂધ્ધ ઈડર પો.સ્ટે. થર્ડ ગુ.૨.નં. ૫૧૯૯/ ૧૮ પ્રોહી એક્ટ ક. ૬૫ઈ, ૯૮(૨) મુજબ ગુન્હો દાખલ કરાવી

બે પ્રોહીના ગુન્હા શોધી પ્રોહી મુદ્દામાલ તથા વાહન સહિત કુલ્લે કિ.રૂ. ૪,૯૦,૧૦૦/- નો મુદ્દામાલ ઈડર પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે. જેની આગળની તપાસ ઈડર પો. સ્ટે. કરી રહેલ છે.

# જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ

હિંમતનગર

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય શ્રી અશ્વિનભાઇ કોટવાલે વણઝ અને ખેડવા જળાશયના અસરગ્રસ્તોના પુનઃવસવાટ, જળ સંચય અભિયાન અંતર્ગત થયેલા કામોની વિગત, વનવાસી મંડળીઓમાં કામ કરતા આદિવાસીઓને વિમા કવચ પુરૂ પાડવા તેમજ આદિવાસી વિસ્તારમાં લીઝ ફાળવવા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ સિંચાઇ, આરોગ્ય વિભાગમાં ખાલી મહેકમની જગ્યાઓ, વીજળીકરણ, હિંમતનગરમાં ગુનાખોરી ડામવા તેમજ જમીનને લગતા પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી જેના નિરાકરણ માટે કલેકટર દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

તેમજ બાકી પેશન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઇન ફરિયાદોનો નિકાલ કરી ડેટા એન્ટ્રી સમયસર કરવા તથા આગામી ૧૬ જુલાઈથી શરૂ થતા સઘન રૂબેલા રસીકરણ અભિયાન અને કચેરીઓની સ્વચ્છતા જાળવવા અંગે અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, પોલીસ અધિક્ષક સૌરભસિંઘ, અધિક કલેક્ટર વી. એલ.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# ઉંઝા પાસેથી વિદેશી દારૂ સાથે પકડાયેલા વૃધ્ધને શકનો લાભ આપી જેલ મુક્ત કરાયા

ઉંઝા

ઉંઝા પાસેથી સવા વર્ષ પૂર્વે એક પર પ્રાંતિય વૃધ્ધ દારૂની ચાર બોટલ સાથે પોલીસના દરોડામાં પકડાઈ ગયા હતા. જેથી તેમની સાથે પ્રોહીબીશનનો ગુનો નોંધી જેલ હવાલે કરાયા હતા.

આ વૃધ્ધ પર પ્રાંતિય હોવાની તેમના કોઈ સગા મહેસાણા કે ગુજરાતમાં રહેતા ન હોઈ સવા વર્ષથી તેમના જામીન થઈ શક્યા ન હોવાથી સવા વર્ષ જેલમાં રહેવું પડ્યું હતું. આ કેસ ઉંઝા કોર્ટમાં ચાલી જતાં કોર્ટે વૃધ્ધને શકનો લાભ આપી જેલ મુક્ત કર્યા હતા.

ઉંઝા પાસેથી વર્ષ ૨૦૧૭ માં હિંમતભાઈ મોહનભાઈ શેઠ (ઉ.વ.અંદાજીત ૮૦) રહે. ગોવા,

ચાર વિદેશી દારૂની બોટલ સાથે પોલીસ દરોડામાં ઝડપાયા હતા.

જો કે આરોપીના સવા વર્ષ સુધી જામીન થતાં તેમને એક વર્ષ ઉપરાંત જેલ વાસ ભોગવવો પડ્યો હતો. આ પ્રોહીબીશનનો ગુન્હો ઉંઝા કોર્ટમાં ચાલી જતાં વકીલ સંદીપ બારોટની દલીલોના આધારે કોર્ટે આ કેસમાં હિંમતલાલ શેઠને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# કલેકટરની ઉપસ્થિતિમાં ઉંદરા ગામે ૧૩૩ લાભાર્થીઓને સાંથણીની જમીનની ફાળવી અપાઇ



પાટણ

પાટણ જિલ્લા કલેકટર આનંદ પટેલે પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ઉંદરા ગામે ૩૩ નિવૃત આર્મીમેન અને ૧૦૦ લાભાર્થીઓને સાંથણીની જમીન સુપરત કરી હતી. ગઈ સાલે બનાસ નદીમાં આવેલા ભયંકર પૂર થી ખેડૂતોની જમીનનું ભારે ધોવાણ થયું હતું. આ સ્થિતિ વચ્ચે ૧૦૦ લોકોને ગામની ૧૦૩ હેકટર જમીનની ખેતી લાયક જમીનનો કબજો સોંપવામાં આવ્યો હતો. સદરહું જમીન ખેડૂતોને નવી શરતે આપવામાં આવી છે. આ ફાળવણીમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

કલેકટરે આ પ્રસંગે જણાવ્યું કે, સાંથણીની જમીન મળતાં લાભાર્થીઓ ખેતી કરી પરિવારનું ગુજરાન કરી શકાશે. અવિભાજય શરતે મળેલી આ જમીનથી જરૂરિયાતમંદ પરિવારો માટે ખેતી કરી ગુજરાન કરવાની તક મળશે તેમ કલેકટરે વધુંમાં ઉમેરી તમામ સુખી જીવનની અભ્યર્થના વ્યકત કરી હતી.

સાંથણીની જમીન મળતાં લાભાર્થીઓએ કલેકટર આનંદ પટેલ અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યકત કર્યો હતો. ગામના સર્વે નંબર-૪૭૩/૨ પૈકીની કુલ મળી ૨૦૨ હેકટર જમીન સાંથણી પેટે ફાળવી અપાઇ છે. જેમા અનુસૂચિત જાતિના ૩૩ લાભાર્થીઓને ૩૫ હેકટર, ૩૩ પૂર્વ શૈનિકોને ૯૯ હેકટરઅને ૬૭ બક્ષીપંચના લાભાર્થીઓને ૬૮ હેકટર જમીન ફાળવણીની કરવામાં આવી છે. પ્રસંગે પ્રાંત ઓફિસર દલપત ટાંક, મામલતદાર મંડોર, નાયબ મામલતદારશ્રભીલ, ગામના સરપંચ સર્વેયર અધિકારીઅને લાભાર્થીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંટવાડામાં રોડ કામગીરી ગેરરીતિની રાવ

ખારેડા

સરસ્વતી તાલુકાના ઊંટવાડા ગ્રામ પંચાયત દ્વારા આરસીસી રોડના કામમાં ગેરરીતિ થઈ હોવાની પંચાયતના સભ્યો દ્વારા તેનો વિરોધ કર્યો હતો. આ અંગે સરસ્વતી તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી હતી. તેવું ગ્રામ પંચાયતના સભ્યો વિષ્ણુજી પોપટજી ઠાકોર, પ્રહલાદજી વિરમાજી ઠાકોર અને દેસાઈ કાનજીભાઈ અમરતભાઈ સહિત જણાવ્યું હતું.

# રાધનપુર પાલિકા દ્વારા ગટરો અને નાળા યોગ્ય રીતે સાફ ન થતા હોવાની બુમરાડો




રાધનપુર

રાધનપુર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય અને લોકોને હાલાકીનો સામનો કરવો ના પડે તે માટે ટેન્ડર બહાર પાડીને કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપવામાં આવી છે,પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા ગટરો અને નાળા માત્ર ઉપર-ઉપરથી જ સાફ કરવામાં આવતા હોવાની અને તળિયા સુધી સફાઈ ના થતી હોવાની

પાલિકાના જ કેટલાક કોર્પોરેટરો દ્વારા બુમરાડ ઉઠવા પામી છે.વોર્ડ નં.૯ ના કોર્પો-રેટર અંકુરભાઈ જોશીના જણાવ્યા મુજબ ગટરો અને નાળા સાફ કરવાનો માત્ર ને માત્ર દેખાવ જ કરવામાં આવે છે.

યોગ્ય રીતે સાફ કરાતા નથી.કોંગ્રેસના એક કોર્પોરેટરે પણ નામ નહિ આપવાની શરતે જણાવ્યું હતું કે માત્ર ઉપરથી જ ગટરો સાફ થાય છે,તળિયા સુધી સફાઈ કરવામાં આવતી નથી.જેથી વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય રીતે ગટરો અને નાળા સાફ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# રાધનપુરમાં યુથ કોંગ્રેસની બેઠક મળી




રાધનપુર

રાધનપુરમાં પાટણ જિલ્લાના પ્રભારી હરિસિંહ જાડેજા, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ ભાવિકભાઈ રામી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ લક્ષમણભાઈ આહીર,તાલુકા પંચાયતના પ્રમુખ લવજીભાઈ ઠાકોર, સાંતલપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અણદુભા જાડેજા સહિતની ઉપસ્થિતિમાં યુથ કોંગ્રેસની બેઠક મળી હતી,જેમાં સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી લોકસભાની ચૂંટણીમાં બુથદીઠ ૧૦ યુવા કાર્યકરોને ગોઠવવામાં આયોજન કરવા જણાવવામાં આવ્યું હતું. જયારે યુવા કાર્યકરોને ખેડૂતોના પ્રશ્ને આગળ આવીને વિવિધ કાર્યક્રમો આપવા પણ જણાવવામાં આવ્યું હતું. જરૂર પડે તો આંદોલનો કરવા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સરદાર સાહેબકા યહ અપમાન, નહીં સહેગા હિન્દુસ્તાનઃ હિંમતનગરમાં વિરોધ




હિંમતનગર

કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી સૈકુદીન સોઝે શ્રી સરદાર પટેલ સાહેબની અખંડિતતા અને દેશ ભક્તિ ઉપર સવાલો ઉભા કરતા અશોભનીય નિવેદન પર હિંમતનગર શહેર ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખેલ. આ પ્રસંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પાલીકા પ્રમુખ અનીરુધ્ધ સોરઠીયા, સંગઠન પ્રભારી નિર્ભયસિંહ રાઠોડ, પૂર્વ પાલીકા પ્રમુખ નિલાબેન પટેલ, શહેર મહામંત્રી હર્ષદ મિસ્ત્રી, દીલીપભાઈ પટેલ, અમૃત પુરોહીત, સવજી ભાટી, પ્રો.વાસુદેવ રાવલ, મહિલા મોરર્ચાના પ્રમુખ હંસાબેન પિત્રોડા, જીલ્લા ખજાનચી જયેશભાઈ શાહ, જયાબેન પટેલ, શ્રીમતી વિમળા પ્રસાદ, રાકેશભાઈ પટેલ, શૈલેષ ધુવાડ, મિતેશ શાહ, યતીનબેન મોદી, સાવન દેસાઈ, રાજુ દેસાઈ, ચેતન પંચાલ, જયેશ પટેલ(કવી) તથા યુવા મોરર્ચાના કાર્યકરો, મહિલા મોરર્ચાની બહેનો ઉપસ્થિત રહી હતી.

# રાધનપુર કોલેજમાં શુભેચ્છા સમારંભ યોજાયો




રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૨૮/૬/૧૮ ના રોજ કોમર્સ વિભાગમાં અર્થશાસ્ત્ર વિષયમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રીમતી આર.કે.ગોહિલનો શુભેચ્છા સમારંભ ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ. ડૉ.સી.એમ. ઠક્કરે મહેમાનોને આવકારી પ્રા.રંજનબેન ગોહિલની કાર્યશૈલીને અને વિદ્યાર્થી પ્રત્યેની જવાબદારી તથા સંસ્થા પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી ભવિષ્યમાં ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા કોલેજ પરિવાર વતી આપી હતી. સ્ટાફ પ્રતિનિધિ ડૉ.વી.બી. ખમારે પણ બેનના કાર્યની પ્રશંસા કરી હતી. મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. વિદાય લઈ રહેલા પ્રા.રંજનબેન ગોહિલે પણ પોતાના જૂના સંસ્મરણો યાદ કરી પોતાનો પ્રતિભાવ આપેલ. આ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ ડૉ. કે.ડી. અખાણીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં તમામ સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શ્લો કગાનથી જયારે સમાપન રાષ્ટ્રીય ગાનથી કરવામાં આવેલ.

# ઉંઝાના સુણોક ગામે સામાન્ય બાબતે ધારિયાથી હુમલો

ઉંઝા

ઉંઝા તાલુકાના સુણોક ગામે સામાન્ય બાબતે બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા ઈસમે એક વ્યક્તિ પર ધારિયા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ આ અંગે ઉનાવા પોલીસ મથકે ફરિયદ નોંધાવામાં આવી હતી.

સુણોક ગામના પટણી રોહીતભાઈ બાબુભાઈના ભાઈને દેવી પૂજક અમરતભાઈ ઘનજીભાઈએ કહેલ કે તમે મારા છોકરાને કેમ ખખડાવો છો તેવું કહી અપશબ્દો બોલતા બોલાચાલી થવા પામી હતી

જેથી ઉશ્કેરાયેલા શખ્સે ફરિયાદીના ભાઈ ઉપર ધારિયાથી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી

આ બાબતે પોલીસે ફરિયાદીના નિવેદનના આધારે દેવીપૂજક અમરતભાઈ ઘનજીભાઈ તથા ભરત ઘનજીભાઈ (રહે.સુણોક) વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.